**સુવિચાર**

બાળકોમાં રહેલો આત્મ વિશ્વાસ તેમના સપના પુરા કરવામાં સહાયભૂત થાય છે. પાંચ વર્ષ સુધીનું બાળક બ્રહ્મ સમાન છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૨/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૯૩


## ઓળિયાનાં ખેડૂતોએ બાયપાસ માર્ગને લઈને નારાજગી વ્યકત કરી

# સાવરકુંડલા-અમરેલી વચ્ચે બની રહેલ નેશનલ હાઈ-વેને લઈને વિવાદ

સાવરકુંડલા-અમરેલી વચ્ચેના હયાત માર્ગ પર આવેલ ઓળિયા ગામને ચક્કર લગાવીને નવો માર્ગ બનાવવાનો નિર્ણય વિવાદાસ્પદ

ઓળિયા ગામની ફરતે ર કિ.મી. બાયપાસ માર્ગ બનાવવાથી અનેક ખેડૂતોની જમીન કપાત થશે

હયાત માર્ગને જ પહોળો કરવામાં આવે તેવી વ્યાજબી માંગ ખેડૂતોએ કરી

હયાત માર્ગને પહોળા કરવાની માંગ સ્વીકારાશે નહી તો આંદોલનની ચીમકી





પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૫

સાવરકુંડલા-અમરેલી વચ્ચેના સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવે બનાવવાનો નિર્ણય કરવામાં આવતાં સમગ્ર માર્ગ પર આવતા ગામનાં નાગરિકોમાં ખૂશીનો માહોલ ઉભો થયો છે. પરંતુ ઓળિયા ગામમાંથી પસાર થતાં હયાત માર્ગને જ પહોળો કરવાને બદલે તે માર્ગને ઓળિયાની બહારથી આગળ લઈ જવાનાં અવ્યવહારૂ નિર્ણય થતાં અનેક ખેડૂતોની જમીન સંપાદન થવાનાં ડરથી ખેડૂતોએ હયાત માર્ગને જ પહોળો કરવાની માંગ કરતું આવેદનપત્ર કલેકટરને પાઠવેલ છે. આવેદનપત્રમાં જણાવેલ


**અનુસંધાન પાના ૬ ઉપર**


### અજાણ્યા વાહન ચાલકે બાઈકને હડફેટે લીધુ

## અમરેલીનાં ચિતલથી ટીંબા વચ્ચે માર્ગ અકસ્માતમાં એક વ્યકિતનું મોત

તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૫

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના ટીંબા ગામે રહેતા હરેશભાઈ પરશોતમભાઈ પંડયાની વાડીમાં રહેતા ઠાકોરભાઈ


**અનુસંધાન પાના ૬ ઉપર**


### વ્યાપક પ્રમાણમાં ખનિજ ચોરી થતી હોવાની ફરિયાદ ઉભી થતાં

## ધારીનાં ગઢીયા ગામે ખાણ-ખનિજ વિભાગે દરોડો પાડી ૪ ડમ્પર અને ૧ ટ્રેકટરને ઝડપી લીધા

અંદાજિત ૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો





અમરેલી, તા. ૫

અમરેલીજિલ્લામાં છાશવારે ખનીજચોરી થતી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠતી હોય ત્યારે આજે ધારી તાલુકાના ગઢીયા ગામે વ્યાપક પ્રમાણમાં ચોરી થતી હોવાની બાતમી ખાણ ખનીજ વિભાગને મળતા ખનીજ વિભાગનના અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો અને માટી ભરેલા ૪ ડમ્પર અને એક ટ્રેકટર મળી અંદાજીત


**અનુસંધાન પાના ૬ ઉપર**




















## ધાર્મિકજનોએ ચડાવેલ દાગીના પણ સલામત નથી

# રાજુલાનાં ખાખબાઈ ગામના માતાજીનાં મંદિરમાંથી ચાંદીનાં આભૂષણોની ચોરી

### પોલીસે તસ્કરને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામના ચોકમા વર્ષો જુનુ ખાખબાઈ માતાજીનુ મંદિર આવેલુ છે. જે મંદિર ખુબ જ જુનુ હોય આથી છેલ્લા બે વર્ષથી તેનુ નવુ બાંધકામ ચાલુ છે, જેથી મંદિરમા કોઈ દરવાજા મુકેલા નથી કે મંદિરની ફરતે દિવાલ પણ નથી. અને નવા બનતા મંદિરના ગર્ભગૃહમાં ખાખબાઈ માતાજીની મુર્તી મુકેલી છે. અને આ મુર્તીની માથે ચાંદીનો મુંગટ ચડાવેલો હતો. અને લોકો દ્વારા માનતાના ચડાવેલા આશરે ૨૦ થી ૨૫ જેટલા ચાદીના છત્તર હતા. અને મુર્તીની ફરતી લોખંડની ગ્રીલ મારેલી છે જે લોખંડની ગ્રીલ વાળા દરવાજાને તાળુ મારવામા આવતુ નથી.

ગત તા. ૨૨/૧૧ ના રોજ સાંજના આશરે છએક વાગ્યેખાખબાઈ માતાજીની આરતી ઉતારીને મંદિર નો ગ્રિલવાળો દરવાજો બંધ કરીને પુજારી રાધેશ્યામ સુખારામ હરિયાણી સાતેક વાગ્યે પોતાના ઘરે જતાં રહેલ હતાં. બાદમાં પુજારી રાત્રીના આશરે અગિયારેક વાગ્યે મંદિરે આટો મારવા માટે ગયેલો તો માતાજીનો ચાંદીનો મુગટ તથા ચાંદીના નાના મોટા ૨૦ થી ૨૫ જેટલા છત્તરો જોવામા આવેલ હતાં. બાદ તા. ૨૩/૧૧ ના રોજ વહેલી સવારના આશરે સાડા ચારેક વાગ્યે પુજારી માતાજીની આરતી ઉતારવા માટે ગયેલા, ત્યારે માતાજીના મંદિરનો લોખંડની ગ્રિલ વાળો દરવાજો અડધો ખુલ્લો હતો. પૂજારીએ દરવાજો ખોલીને જોયુ તો માતાજીની માથે ચડાવેલ ચાંદીનો મુગટ તથા માતાજીના માથે ચડાવેલ ચાંદીના આશરે ૨૦ થી ૨૫ જેટલા નાના મોટા છત્તર જોવામા આવેલ નહિ. જેથી ખાખબાઈ માતાજીના મંદિરમા માતાજીને માથે ચડાવેલ ચાંદીનો મુગટ આશરે ૨૫૦ ગ્રામ જેની અંદાજીત કિમત રૂપિયા ૨૦,૦૦૦ જેટલી થાય છે અને આશરે ૨૦ થી ૨૫ જેટલા નાના મોટા ચાંદીના છત્તર હતા જેની અંદાજીત કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૪૦,૦૦૦નો મુદ્દામાલ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને લઈ ગયાની ફરિયાદ નોંધાય છે.

## અમરેલી જિલ્લામાં હજારો રત્ન કલાકારોની આર્થિક હાલત કફોડી

# ભયાનક મંદી : સા.કુંડલા પંથકમાં હજારો વ્યક્તિઓને રોજગારી આપતો હીરા ઉદ્યોગ મંદીમાં સપડાયો

### ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ કરશનભાઈ ડોબરીયાએ સરકારની મદદ માંગી

સાવરકુંડલા, તા. ૫

સાવકુંડલા શહેર તાલુકામાં રત્ન કલાકારોની રોજી રોટી કયારે શરૂ થશે તે મોટો સવાલ ઊભો થયો છે. ત્યારે સાવરકુંડલામાં દિવાળી પહેલા ૧૧૦ જેટલા હીરાના કારખાના હતા જે હાલ માત્ર ૧૦% માંડ થઈ ગયા છે. જે ૨૦૦૦૦ લોકોને રોજગારી આપતો આ ઉદ્યોગ હાલ માત્ર ૨૦૦૦ લોકોને માંડ માંડ રોજગારી આપે છે.



રશિયા અને ઈઝરાયેલ બંને દેશમાંથી મોટા પ્રમાણમાં ભારતને આયાત થતી હતી જે યુદ્ધને કારણે રફની આયાત અટકી ગઈ છે અને અન્ય દેશોની રફ ખરીદવી પડે છે જે બહુ મોંઘી હોય છે અને પરવડે તેવી સ્થિતિ પણ નથી. જેના કારણે દિવાળીનું જયારે વેકેશન પડયું ત્યારે કારખાના ફરી કયારે ખુલશે તે પણ જણાયું ન હતું જેથી રત્નકલાકારો હજુ વતનમાં છે અને આ બેરોજગારી ની સ્થિતિ ઊભી થઈ છે.


આવી સ્થિતિ પહેલા ૨૦૦૮ માં જોવા મળી હતી પણ આ કપરી સ્થિતિ જોતા ૨૦૨૩ ની મંદી પહેલાની મંદીને ભુલાવે તેવી છે.

જયારે આ મંદીના અનુસંધાને સાવરકુંડલા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ કરશનભાઈ ડોબરીયાએ જણાવ્યું હતું કે આ વર્ષ પણ હજુ નબળું દેખાય છે અને યુરોપ દેશમાં આ ડાયમંડ તૈયાર થઈને જાય છે જયાં અત્યારે યુદ્ધનો માહોલ છે. જો રશિયા અને યુક્રેનનું યુદ્ધ બંધ થાય તો સ્થિતિ સુધરે અને રોજગારી વ્હેલી તકે પાછી પ્રાપ્ત થવા લાગે.... ત્યારે રત્ન કલાકારોની સરકાર પાસે એટલી જ આશા છે કે સરકાર કાપવાનું બંધ કરે તો ઘણી રાહત મળશે.

પણ હાલ જે રોજગારી માટે હીરા ઉદ્યોગમાં બહાર સ્થિત હતા તે હજુ વતનમાં રોકાણા છે અને આ ઉદ્યોગ કયારે ધમધમે અને ફરીથી રોજગારી મેળવી શકે તે આશા જોઈ રહ્યા છે.

# જાફરાબાદ : અરબી સમુદ્રમાં સર્જાયેલ સાયકલોનિક સર્કયુલેશનને કારણે ફરી માવઠાની ભીતી

જાફરાબાદ, તા. ૫



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

રાજયભરમાં ભરશિયાળે છવાયું વરસાદી વાતાવરણ તિવ્રગતિથી ઠંડા પવન ફૂંકાતા તાપમાનનો પારો ગગડયો શિયાળાની સિઝનમાં પણ આકાશમાં કમેસમી વરસાદની આફત વરસી રહી છે. હજુ ગયા અઠવાડિયેજ રાજયભરમાં આ કમોસમી વરસાદ વરસ્યો હતો જેને કારણે અનેક સ્થળોએ ખેડૂતો નો તૈયાર પાક વરસાદમાં ધોવાઈ ગયો હતો તો બીજી બાજુ જાફરાબાદના સાગરખેડૂ દ્વારા દરિયો ખેડી લાવેલી બુમલા નામની મચ્છી તેમજ અન્ય મચ્છી કે જે ચુકવણી કરેલ હોય તે માવઠાના કારણે વરસાદ પડતાં મચ્છી ધોવાઈ જતાં કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું ત્યારબાદ ફરી હાલ રાજયભરના વાતાવરણમાં જબરજસ્ત પલ્ટો આવ્યો છે. અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્કયુલેશને સર્જાતા વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. અને વરસાદી વાતાવરણ છવાઈ જતા અનેક સ્થળોએ ફરી માવઠું થવાનાં સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યાં છે. એક તરફ બંગાળની ખાડી સર્જાયેલું મિચોગ વાવાઝોડાએ ખતરનાક સ્વરૂપ ધારણ કર્યું છે. આંધ્રપ્રદેશ તરફ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઘસી રહેલા આ વાવાઝોડાને કારણે છેલ્લા બે દિવસથી દક્ષિણ ભારતમાં અનેક સ્થળોમા વરસાદ વરસી રહ્યો છે. તો બીજી તરફ અરબી સમુદ્રમાં પણ સાયક્લોનિક સર્કયુલેશન સર્જાયું હોવાથી ગુજરાતના વાતાવરણમાં પણ ભારે પલ્ટો આવ્યો છે. જાફરાબાદ પણ ગઈકાલે સોમવારે રાત્રીથી જ વાતાવરણમાં ભારે બદલાવ જોવા મળી રહ્યો છે. રાત્રે તાપમાનનો પારો નીચો જતા કડકડતી ઠંડીનો અનુભવ લોકોએ કર્યા હતો તો બીજી તરફ ૧૫ કિલોમીટરથી પણ વધુ ઝડપે પવન ફૂંકાતા ઠંડીનું મોજું સર્વત્ર ફરી વળ્યુ હતું.

# થોરડીનાં શ્રી નિવાસી અંધ વિદ્યાલયમાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ





અમરેલી, તા. ૫

આજરોજ 'શ્રી નિવાસી અંધ વિદ્યાલય થોરડી ખાતે વિ દિવ્યાંગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી જેમાં સે વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો કાર્યક્રમની શરૂઆતમાં સવારની પ્રાર્થનામાં 'વિ દિવ્યાંગ દિવસ' ની માહિતી આપી કાર્યક્રમની શરૂઆતકરવામાં આવી ત્યારબાદ જુદી જુદી સ્પર્ધાઓ યોજવામાં આવી જેવી કે વેશભૂષા, વાનગી સ્પર્ધા, વન મિનિટ ગેમ તેમજ નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ યોજી. જેમાં 'વેશભૂષા કાર્યક્રમમાં' જુદા જુદા રાજયોના પોશાક પહેરીને આપણી સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી તથા 'વાનગી સ્પર્ધામાં' દિવ્યાંગ બહેનો દ્વારા સાત્વિક અને પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી જેમાં દૂધ પૌવા, ઓળો–રોટલા, દમાલુ– રોટલા, પરોઠા, દુધીનો હલવો, મિકસ કઠોળ, બટેટા પૌવા, દહીં પુડલા વગેરે વાનગીઓ બનાવવામાં આવી હતી

ત્યારબાદવન મિનિટ ગેમ રમાડવામાં આવી જેમાં ફુગ્ગા ફુલાવી તેને ફોડવા, હાથ વડે પથ્થર પકડી દૂરના પાત્રમાં ફેંકવો, લોટ ફૂકણી,પાણીપુરી ખાવી, બિસ્કીટ ખાવા, શર્ટ ના બટન બંધ કરવા અને ખોલવા, રીંગણને મોંમાં પકડી દૂરના પાત્રમાં નાખવા વગેરે વન મિનિટ ગેમ રમાડવામાં આવી અને છેલ્લે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી જેનો વિષય હતો કે '૨૧મી સદી એટલે કે ટેકનોલોજીના યુગમાં દિવ્યાંગો એ ઉતરોતર પ્રગતિ કરી છે? ' તે અંગે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. આ તમામ સ્પર્ધાઓમાં એક થી ત્રણ નંબર ના વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા

આ સમગ્ર કાર્યક્રમ તમામ સ્ટાફની મહેનતથી સફળ રહ્યો હતો અને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિ દાદા તથા બા હાજર રહી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી એ જણાવ્યું હતું કે દિવ્યાંગ વ્યક્તિ પણ સામાન્ય વ્યક્તિની જેમ જ પોતાના તમામ કાર્ય કરી શકે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને સેકોઈને વિ દિવ્યાંગ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

આ કાર્યક્રમમાં સે વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સંપૂર્ણ રીતે સફળ બનાવ્યો હતો.

## મોંઘવારીનાં દિવસોમાં સ્ક્રેપ પણ સલામત નથી

# લ્યો બોલો : ધારીની પીજીવીસીએલ કચેરીમાંથી ૧૧૬૬ જેટલા સ્ક્રેપ મીટરની ઉઠાંતરી થઈ

### નાયબ ઈજનેરે ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ

અમરેલી, તા. ૫

ધારી ખાતે આવેલ પી.જી.વી.સી.એલ.માં પેટા વિભાગીય કચેરી ખાતે નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અંકિતકુમાર હસમુખભાઈ વ ળએ ધારી પોલીસમાં ફરિયાદ લખાવેલ છે કે, ગત તા. ૧૮/૧૧નાં રોજ પોતે ઓફિસે આવેલ હતાં. ત્યારે મને પી.જી.વી.સી.એલ. કચેરીમાં સ્ટોરકીપર તરીકે ફરજ બજાવતા ઈલેકટ્રીક આસી. પી.કે. દાફડાએ જાણ કરેલ કે, ગયા અઠવાડિયામાં અમરેલી લેબોરેટરી ખાતેથી પરત આવેલ સ્ક્રેપ મીટર પી.જી.વી.સી.એલ. કચેરીમાં ટોયલેટ બ્લોકની પાછ મુકેલ હતા તે હાલ જોવા મળતા નથી. જેથી ત્યાં તપાસ કરતાં અગાઉ રાખેલ સ્ક્રેપ મીટર જોવામાં આવેલ નહી. અત્યાર સુધીમાં કુલ ૧૧૬૬ મીટર અલગ–અલગ સમયે મુકેલ હતાં. જેમાં સીંગલ ફેઈજનાં સ્ક્રેપમીટર ૫૪૫ જેની કિંમત રૂપિયા ૨૭,૪૫૦ તથા થ્રી ફેઈજ સ્ક્રેપ મીટર ૬૨૧ જેની કિંમત રૂપિયા ૭૭૦૦૪ નાં હતાં. તે ગઈ તા. ૧/૮/૨૨ થી ૧૭/૧૧/૨૩ દરમિયાન સ્ક્રેપમીટર કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવી છે.

## ગામનાં નાગરિકે કલેકટરને પત્ર પાઠવ્યો

# લાઠીનાં પાડરશીંગા ગામની સર્વે નં. ૨૨૮/૧ પૈકીની જમીનમાં દબાણ થયાની ફરિયાદ

### ૭ દબાણકર્તાનાં નામનો પણ કર્યો ઉલ્લેખ

અમરેલી, તા. ૫


લાઠીનાં પાડરશીંગા ગામના સર્વે નં. ૨૨૮/૧ પૈકીની એ.ગુ.ક. ૨૫ હે.આરે.ચો.મી. ૧–૪૬–૭૦ બિનખેતી રહેણાંક ખાનગી માલીકીની જમીનમાં ૭ વ્યકિતઓએ ૧૦ પ્લોટમાં દબાણ કર્યાની રજૂઆત લખુભાઈ ખુમાણે જિલ્લા કલેકટરએ કરેલ છે.

જેમાં સ્થાનિક કક્ષાનાં અધિકારી, એક સત્તાધારી પક્ષનાં મહત્વનાં પદાધિકારી સહિત સામે મીલીભગતનાં ગંભીર આક્ષેપ કરીને દબાણકર્તા વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

## ધારાસભ્ય મહેશ કસવાલાએ રૂપિયા ૧૦૫ લાખ મંજૂર કરાવ્યા

# ભૈવાહ : વીજપડી ગામનાં પ્રાથમિક આરોગ્યને હવે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રૂપાંતરીત કરાશે

### ધારાસભ્યએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આરોગ્યમંત્રીનો આભાર માન્યો







સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા તાલુકામાં આરોગ્યલક્ષી સુવિધાઓ વધુમાં વધુ ઉપલબ્ધ થાય તેમજ લોકોના આરોગ્યની સંપૂર્ણ જાળવણી જળવાઈ રહે તે માટે કર્મશીલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા તાલુકાનું મુખ્ય સૌ થી મોટુ વીજપડી ગામને પી.એચ.સી.સેન્ટરમાંથી સી.એચ.સી. સેન્ટરની સૈધાંતિક મંજૂરીઓ સાથે ૧ કરોડ ૫ લાખ રૂપિયા રાજય સરકારે મંજૂર કરતા વિજપડી આસપાસના ૩૫ જેટલા ગામડાઓમાં માટે આશીર્વાદ રૂપ કામગીરીઓ કરનારા ધારાસભ્ય કસવાલાને વીજપડી પંથકવાસીઓ દ્વારા અંતરના આશીર્વાદ આપ્યા છે. આ સાથે ડાયનામીક ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી ઋષીકેશ ભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતો. સાવરકુંડલા તાલુકાનું વીજપડી ગામ આસપાસના ૩૫ જેટલા ગામડાઓનુ મુખ્ય મથક છે ને રાજુલા અને મહુવા પંથકના ગામડાઓ પણ વીજપડી સાથે સંકળાયેલા હોય ત્યારે વિજપડીમાં આરોગ્યલક્ષી પી.એચ. સી.સુવિધાઓ કાર્યરત હતી પણ આટલા બધા ગામડાઓ માટે પી.એચ.સી.સેન્ટર નાનું પડતું હોય ને મેડિકલ સાધનો, ડોકટરો સહિતની સંપૂર્ણ ટીમ સાથે અધતન બિલ્ડિંગ અને સુવિધાસભર હોસ્પિટલ નિર્માણ થાય તો ૩૫ થી ૪૦ જેટલા ગામડાઓને આરોગ્યલક્ષી સુવિધાઓ તરત મળી રહે અને સાવરકુંડલાના વિજપડી અને આસપાસના ગામડાઓમાં ડબલ એન્જિનની સરકાર દ્વારા પ્રત્યેક વ્યકિઓની કાળજી માટે આરોગ્યની સુવિધાઓ બધું સુદ્રઢ બને તેવા હેતુને સાકાર કરવા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા રાજય સરકારના આરોગ્ય વિભાગ સહિત મુખ્યમંત્રીને વીજપડીના પી.એચ.સી. સેન્ટરને સી.એચ.સી.સેન્ટરમાં તબદીલ કરવામાં આવે અને ડોકટરો, મેડિકલ સાધનો સહિત આધુનિક બિલ્ડિંગ નિર્માણ પામે તેવા પ્રયત્નો સાકાર થયાને ગાંધીનગરથી તબીબી આરોગ્ય વિભાગ દ્વારા ૧ કરોડ ૫ લાખ જેવી રકમ મંજૂર કરીને તાત્કાલિક વિજપડીને સી.એચ.સી.સેન્ટર જેવી સુવિધાઓ શરૂ કરવાની સૈધાંતિક મંજૂરી મળતાં વિજપડી સહિતના ૩૫ જેટલા ગામડાઓને સાવરકુંડલા સુધી આરોગ્ય લક્ષી સુવિધાઓ માટે ધક્કો ના રહે તેવું નમૂનારૂપ સી.એચ.સી. સેન્ટર આકાર પામશે જયારે વિજપડીના પી.એચ.સી. સેન્ટરને ગાધકડા ખાતે ખસેડીને ગાધકડાના આસપાસના ગામડાઓમાં આરોગ્ય લક્ષી સુવિધાઓ વધે તેવા સુંદર પ્રયાસને ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા વીજપડી વિસ્તારને અગાઉ બાયપાસ રોડ, મેઈનબજારમાં સી.સી.રોડ અને પાણી નિહાર માટે એચ.પી. ડ્રેઈન જેવીસુવિધાઓ માટે ૧ કરોડ ૬૦ લાખ જેવી રકમ મંજૂર કરાવી દીધેલ છે ને વિજપડીમાં તાલુકા આયોજન, નાણાંપંચ, એ.ટી.વી.ટી. સહિતના ૬૦ લાખ જેવા મંજૂર થયેલા હોય ત્યારે ધારાસભ્ય કાળના ૧૦ માસમાં જ ૩ કરોડ ૨૫ લાખ મંજૂર કરીને અનેક યોજનાઓને કાગળ પર સાકાર કરવાની નહિ પણ વાસ્તવિકતાઓ રૂપી કામગીરીઓ કરનારા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાને વીજપડી વિસ્તારના સ્થાનિકોએ અંતરના આશીર્વાદ આપ્યા છે. સત્વ અટલ ધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આયુર્વેદની દ્રષ્ટિએ શિયાળામાં તંદુરસ્ત રહેવા શ્રેષ્ઠ ઔષધ આમળા



સાવરકુંડલા, તા. ૫

આયુર્વેદની દ્રષ્ટિએ આમળ ાને શિયાળામાં શ્રેષ્ઠ ઔષધ માનવામાં આવે છે. વિટામીન સી થી ભરપુર આમળામાં ભરપુર પોષકતત્વો જેવા કે એન્ટી ઓકસીડન્ટ, કેલ્શિયમ, આયર્ન, પોટેશ્યમ વગેરે પોષક તત્વો હોય આમળા અનેક રોગોમાં આશિર્વાદ રૂપ ઔષધ છે. પાચન ક્રિયામાં ફાયદો થવા ઉપરાંત ડાયબીટીસ નિયંત્રણમાં રહે છે. વજન ઘટાડવામાં ખુબ જ મદદરૂપ થાય આમળાની વિશેષતાએ છે કે તેના સેવનથી વ્યકિતની ઈમ્યુનિટીમાં વધારો થાય છે. હૃદય સંબંધી સમસ્યાઓમાં રાહત સાથે આમળાનું નિયમિત સેવન કરવાથી ત્વચા અને વાળની સમસ્યાઓ માટે પણ આશિર્વાદ રૂપ છે. આયુર્વેદમાં આમળાને પ્રકૃતિનું વરદાન કહ્યું છે. ' હર દર્દ કી એક દવા' આ કહેવત આમળા જાણે કે સાર્થક કરતું હોય તેમ માનવજાતની તંદુરસ્તી માટે અમૃત સમાન ગણાતા આમળા હાલ શિયાળ ાનાં પ્રારંભે સાવરકુંડલા શહેરમાં ૩૦ થી ૪૦ રૂપિયે કિલો વેચાતાં નજરે ચડે છે.

આમળાનું અથાણું, મુખવાસ, શાક, મુરબ્બો વગેરે રૂપમાં લઈ શકાય છે. આમળા એ તંદુરસ્તી માટે શિયાળાનું અમૃત ફળ માનવામાં આવે છે. નરણા કોઠે એટલે કે ખાલી પેટે આમળાનું સેવન ખુબ જ ફાયદાકારક હોવાનું આયુર્વેદ નિષ્ણાંતો દ્વારા જણાવાયું છે. ચ્યવનપ્રાશમાં પણ આમળાનો પ્રચુર માત્રામાં ઉપયોગ થાય છે.

## તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની રજૂઆત

# અમરેલીનાં વાંકિયાથી ચાંદગઢ સુધીનો માર્ગ બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન

### માર્ગનું રિસર્ફેસિંગ કરવા માંગ કરી

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાનાં વાંકીયા ગામથી ચાંદગઢ ગામ સુધીનો ડામર રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વાહન ચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે તથા વાહન ચાલકોને વાહનોનું રીપેરીંગ ખર્ચ પણ વધુ આવે છે. ખરાબ રોડનાં કારણે દર્દીને લઈને જતી એમ્બ્યુલન્સ પણ સમયસર હોસ્પિટલે પહોંચી શકતી નથી.



પરિણામે દર્દીનો જીવ જોખમમાં મુકાય છે તથા ખરાબ રોડનાં કારણે અવાર–નવાર અકસ્માતો પણ સર્જાય છે, તો લોકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક વાંકિયાથી ચાંદગઢ ગામ સુધીનાં ડામર રોડને રિસર્ફેસિંગ કરવા માટે તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# ગાંધીનાં ગુજરાતમાં અસલી કોણ ને નકલી કોણ તેને લઈને નવી ચર્ચા શરૂ

સાવરકુંડલા, તા. ૫

આપણે અવારનવાર આ દુનિયામાં બનતાં નકલી કૌભાંડો જોયા છે. કયારેક નકલી નોટ, તો કોઈ વખત નકલી વસ્તુઓ, નકલી બેંક એકાઉન્ટ, નકલી બિલો, નકલી દસ્તાવેજો વગેરેનો તો આપણને કયારેક કદાચ પરિચય પણ થયો હશે. અરે ભાઈ નકલી કચેરીઓ અને નકલી પી. એ., નકલી અધિકારીઓના સ્વાંગમાં આ સમાજની અંદર બેખોફ થઈને ઘૂમતાં ઠગોની દુનિયાની પણ એક અનોખી માયાજાળ હોય છે. આવી નકલીની ભરમાર વચ્ચે ઘણીવાર અસલીને ઓળખવું અઘરું થઈ જાય છે. જો કે આ દુનિયામાં અંતે તો કિંમત અસલીની જ થાય છે. પિતળ અને સોનું એક સમાન તો નથી હોતા પરંતુ ઘણીવખત નકલી વસ્તુઓ કે વ્યકિતઓનું બાહ્ય પરિરૂપ અસલીથી ચાર ચાસણી ચડે એવો ક્ષણિક ભાસ ઉભો કરી જાય છે. પેલું ડોન પિકચર જોયું હોય તેને ખ્યાલ હશે કે અસલી અને નકલીની ભેદરેખાને સમજવી કેટલી કઠીન હોય છે. આપણે પણ આ અસલી નકલીના ચક્કરમાં થાપ ખાઈ જતાં હોઈએ છીએ. પછી તો દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે એવું થાય. અંતે નકલી એ નકલી છે. અને ઓરિજિનલ એ ઓરિજિનલ છે.!! જો કે નકલી અને બનાવટીને અંતે તો કાનૂની સકંજામાં આવવું પડે છે. પરંતુ ત્યાં સુધીમાં ઘણાને આ અસલી નકલીનો પરચો મળી ચૂકયો હોય છે. હા, ઘણી વખત નકલી સહીઓ કરીને અસલીમાં ખપાવવાની એ ભાંજગડમાં ભાંડો ફૂટે પણ ખરો પરંતુ આ તો ઠગોની દુનિયા છે. એનામાં આટલી સાહસિકતા અને હિંમત કેમ આવતી હશે ? એ યક્ષ પ્રશ્ન છે..!! આ નકલીના કારોબારને કાયદાકીય રીતે સખ્તાઈથી નશ્યત થાય એવાં કડક કાનૂનની હવે આ દેશમાં જરૂર નથી લાગતી? આ સવાલનો ઉત્તર આપ વાંચકોના મનોમંથન માટે.

## શહેરમાં ગંદકી, અંધારપટ્ટ, રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની છે તેવા સમયે

# અમરેલીનાં વેપારીઓને 'યુરિનલ'ની સુવિધા આપવામાં પણ પાલિકા બેદરકાર

**દિવાળી જેવા પ્રકાશનાં પર્વે પણ શહેરીજનોને સીનિયર સિટીઝન પાર્ક જેવા મહત્વનાં સ્થળે અંધારપટ્ટનો સામનો કરવો પડયો**

**ઠેકઠેકાણે ગંદકીનાં ગંજ, રખડતા પશુઓ ઉપરાંત જાહેર શૌચાલયની હાલત પણ નર્કાગાર જેવી**

**ઈન્દિરા શોપિંગ સેન્ટરનાં વેપારીઓ યુરિનલની ગંદકી દૂર કરવા શાસકો સમક્ષ હાથે-પગે લાગી રહૃાા છે**

**૩ દિવસમાં સમસ્યાનું નિરાકરણ ન થાય તો વેપારીઓની આંદોલનની ચીમકી**

અમરેલી, તા. ૫

અમરેલી શહેરની દોઢ લાખ જનતા સવારનાં ઉઠે ત્યારથી સુવે ત્યાં સુધી ખરીદી, સર્વિસ સહિત જે કોઈ વહીવટી કે જરૂરિયાતનાં કાર્યો કરે, પેટ્રોલ વાહનમાં ભરાવે કે અન્ય કોઈ કામગીરીમાં નાણાકીય ખર્ચ કરે તેમાં વિવિધ સ્વરૂપે સરકારને દર વર્ષે કરોડો રૂપિયા કરવેરારૂપે ભરે અને બદલામાં નાગરિકોને સુંદર માર્ગો, સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓની સમસ્યાથી છુટકારો, જાહેર શૌચાલય જેવી અનેક પાયાની સુવિધાઓ સરકાર કે સરકાર સાથે જોડાયેલી વિવિધ કચેરીઓ ધ્વારા આપવાની હોય છે.



દરમિયાનમાં અમરેલીનાં ઈન્દિરા શોપિંગ સેન્ટરનાં ૩૦૦ વેપારીઓ, શાક માર્કેટનાં ૧૦૦ શાકનાં થડાવાળા માટે એક જ યુરિનલ આવેલ છે જે છેલ્લા ૧૨ દિવસથી બંધ હાલતાં છે. વેપારીઓ સતત રજૂઆત કરતાં હોવા છતાં પણ પાલિકાનાં શાસકો ધ્વારા વેપારીઓની સામાન્ય માંગ પણ પૂર્ણ કરી શકતા ન હોય આ બાબત અતિ દુઃખદાયક છે.

ઈન્દિરા શોપિંગ સેન્ટરનાં પ્રમુખ યોગેશ કોટેચાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને આગામી ૩ દિવસમાં યુરિનલની સફાઈ કરીને કાર્યરત કરવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

## પ્રાણીઓમાં પણ માતા-બચ્ચા વચ્ચે અનેરી લાગણી

# મા તે મા : લીલીયા પંથકમાં વિખુટા બનેલ બાળ દીપડાનું માતા સાથે મિલન

**વન વિભાગ ધ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી**

અમરેલી, તા. ૫

માત્ર મનુષ્યમાં જ પોતાના સંતાનો માટે લાગણી હોય છે, તેવું નથી હોતું, પરંતુ જંગલના ખુંખાર ગણતાં પ્રાણીઓમાં પણ પોતાના સંતાનો માટે અદ્‌ભુત લાગણીઓ હોય છે, આવો જ કિસ્સો આજે જોવા મળ્યો હતો. જેમાં લીલીયા તાલુકાના વેણીવદર ગામની સીમમાં આવેલ એક ખેડૂતની વાડીમાંથી એક પાંચ માસની ઉંમર ધરાવતું માતા વિહોણું દીપડાનું બચ્ચું મળી આવતા વન વિભાગને જાણ કરવામાં આવતાં આ દીપડાના બચ્ચાની માતાની શોધખોળ આદરી હતી અને બચ્ચા વિહોણી આકુળ વ્યાકુળ થયેલી માતા દીપડીનું બાળ દીપડા સાથે અદભુત મિલન લીલીયા વનવિભાગે કરાવી માતા અને બચ્ચાના મિલનનો વિડીયો જાહેર કર્યો હતો.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લીલીયા તાલુકાના વેણીવદર ગામની સીમમાં આવેલ વેણીવદર ગામના લવજીભાઈ નાકરાણી નામના ખેડૂતની વાડીમાંથી એક પાંચ માસની ઉંમર ધરાવતું માતા વિહોણું દીપડાનું બચ્ચું મળી આવતા આ બનાવ અંગે ખેડૂતે લીલીયા વનવિભાગને જાણ કરતાં વન વિભાગે તાત્કાલિક આ દીપડાના બચ્ચાની માતા દીપડાની શોધખોળ આદરી હતી.

દીપડી પોતાના બચ્ચા વગર આકુળ વ્યાકુળ થયેલી માતા દીપડી ત્યાંથી થોડે દૂર જ મળી આવતાં આ બાળ દીપડા સાથે તેમની માતાનું અદભુત મિલન કરાવી આપતા માતા તથા બચ્ચાએ નિરાંતનો દમ લીધો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. આ બનાવ અંગેનો લીલીયા વનવિભાગે માતા અને બચ્ચાના મિલનનો વિડીયો જાહેર કર્યો હતો.

# જાણે ગોકુળિયું ગામ હોય...તેવું દ્રશ્ય જોવા મળ્યું, હાશકારો થયો કે... હાશ..!! હજી ગામડું જીવે છે...!!



(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૫

વહેલી સવારે છ કલાકે ત્રણ બળદગાડામાં ચરખડિયા ગામથી ખેડૂતો કપાસ ભરીને સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં વેચવા જઈ રહૃાા હતાં. આ ખેડૂતો ગામઠી ભાષામાં ઉંચા સૂરમાં ભજનો લલકારતા જતાં હતાં. અને તેમાં સાથે સંગીતનો તાલ મિલાવી રહૃાાં હતા, બળદના ગળામાં બાંધેલા ઘૂઘરાનો ઘમકાર..એ સુરીલા મીઠા અવાજ સાંભળવાની મજા જ કંઈ ઓર છે.

પરંતુ અફસોસ આવા કુદરતી સુમધુર કર્ણપ્રિય સંગીતને હાઈવે ઉપરથી પસાર થતાં કર્કશ ટ્રકોના કાન ફાડી નાખે તેવા એરહોર્ન જાણે ઉર જાતના ભોજનમાં કાંકરા આવી જતા હોય તેવું લાગતું હતું.

તમામ ખેડૂતો જેને ઘરના વાડી ખેતર હોય અને ઘરનો ઘાસચારો હોય એ કમ સે કમ એક બળદની જોડી સાચવે તો ગૌવંશની ખૂબ જ મોટી સેવા કરી ગણાશે.ગૌસેવા જેટલું જ પુણ્ય નંદી સેવાથી પ્રાપ્ત થશે અને અત્યારે ચારે તરફ જે ખૂટિયાઓનું ન્યુસન્સ છે, તેમાં પણ ઘટાડો થવામાં ખેડૂત મદદગાર બની શકશે.

## ખેડૂતોમાં કહી ખૂશી કહી ગમનો માહોલ

# બાબરાનાં માર્કેટયાર્ડમાં ૧૫ હજાર મણ કપાસની આવક

**પ્રતિ ૨૦ કિલોનો ભાવ ૧૩૦૦થી ૧૪૯૦ સુધી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૫

બાબરા માર્કેટયાર્ડમાં ૧૫ હજાર મણ કપાસની આવક થઈ છે. પ્રતિ ૨૦ કિલોનો ભાવ ૧૩૦૦ થી ૧૫૦૦ વચ્ચે મળે છે. જો કે ખેડૂતો આ ભાવમાં વધારો થાય તેવું ઈચ્છી રહૃાા છે.

કપાસ તૈયાર કરવામાં મોંઘુ બિયારણ, ખાતર, ડીઝલ, મજૂરી સહિતનો ખર્ચ પ્રતિ મણ એક હજાર આસપાસ થતો હોય છે. જો ખેડૂતોને ભાવ પ્રતિ મણ ૧૮૦૦ જેટલો મળે તો જ ખેડૂતો બે પાંદડે થઈ શકે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૮૨૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### વિશ્વભરમાં ૧૪૧ બાળકો મૃત્યુ પામ્યા !

# ભારતમાં કફ સિરપ બનાવતી ૫૪ કંપનીઓ ક્વોલિટી ટેસ્ટમાં થઈ ફેલ

**ચંદીગઢની પ્રાદેશિક દવા પરીક્ષણ પ્રયોગશાળાએ ૨૮૪ પરીક્ષણ અહેવાલો જારી કર્યા હતા અને ૧૦ કંપનીઓના ૨૩ નમૂનાઓ હલકી ગુણવત્તાના હોવાનું જણાયું હતું**

નવી દિલ્હી, તા.૫

સરકારી અહેવાલ મુજબ, ભારતમાં કફ સિરપનું ઉત્પાદન કરતી ૫૦ થી વધુ કંપનીઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગઈ છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ) દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે ૨,૧૦૪ પરીક્ષણ અહેવાલોમાંથી, ૫૪ કંપનીઓમાંથી ૧૨૮ (૬%) પ્રમાણભૂત ગુણવત્તાની જરૂરિયાતોને પૂર્ણ કરતી નથી. આ અહેવાલ વિશ્વભરમાં ૧૪૧ બાળકોના મૃત્યુ સાથે સ્થાનિક રીતે ઉત્પાદિત કફ સિરપને જોડતા અહેવાલોને પગલે વિવિધ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલી પ્રયોગશાળા પરીક્ષાઓનો સંદર્ભ આપે છે. રિપોર્ટમાં એવા ચોક્કસ કિસ્સાઓ પ્રકાશિત કરવામાં આવ્યા છે કે જ્યાં કફ સિરપના નમૂનાઓ હલકી ગુણવત્તાના હોવાનું જણાયું હતું.

ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી ગુજરાતે ૩૮૫ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાંથી ૨૦ ઉત્પાદકોમાંથી ૫૧ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગયા હતા. એ જ રીતે, મુંબઈની સેન્ટ્રલ ડ્રગ ટેસ્ટિંગ લેબોરેટરીએ ૫૨૩ નમૂનાઓનું વિશ્લેષણ કર્યું હતું, જેમાંથી ૧૦ કંપનીઓના ૧૮ નમૂના પરીક્ષણમાં નિષ્ફળ ગયા હતા. ચંદીગઢની પ્રાદેશિક દવા પરીક્ષણ પ્રયોગશાળાએ ૨૮૪ પરીક્ષણ અહેવાલો જારી કર્યા હતા અને ૧૦ કંપનીઓના ૨૩ નમૂનાઓ હલકી ગુણવત્તાના હોવાનું જણાયું હતું.

ગાઝિયાબાદમાં ભારતીય ફાર્માકોપિયા કમિશને ૫૦૨ અહેવાલો જારી કર્યા જેમાં ૯ કંપનીઓના ૨૯ નમૂના ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગયા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) એ અહેવાલ આપ્યા બાદ ભારતમાં ઉત્પાદિત કફ સિરપને લઈને ચિંતા વધી ગઈ હતી કે ગામ્બિયામાં લગભગ ૭૦ બાળકો તેના કારણે મૃત્યુ પામ્યા હતા. ૧ જૂનથી, ડાયરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડએ નિકાસકારો માટે સરકારી પ્રયોગશાળાઓમાં તેમના કફ સિરપનું પરીક્ષણ કરાવવું અને નિકાસ કરતા પહેલા વિશ્લેષણનું પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત બનાવ્યું છે. ભારતમાં ઉત્પાદિત કફ સિરપ ખાવાથી વૈશ્વિક સ્તરે અનેક મૃત્યુ નોંધાયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

આ મૃત્યુ પછી, ડાયરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડએ નિકાસકારો માટે કફ સિરપની ગુણવત્તા પર સરકારની મંજૂરી લેવી ફરજિયાત બનાવી દીધી હતી. ડીજીએફટીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, સીડીએસસીઓ નિકાસ માટે પરવાનગી મેળવવા માટે કફ સિરપના તમામ બેચનું પરીક્ષણ કરી રહ્યું છે. જો કે, ભારત સરકારે WHOના તારણોને નકારી કાઢ્યા હતા, એમ કહીને કે CDL ને ઉત્પાદનો નિર્ધારિત સ્પષ્ટીકરણો સાથે સુસંગત હોવાનું જણાયું હતું. DCGI એ WHO ને એક પત્ર મોકલ્યો, દૂષિતતાના આરોપોને ભારપૂર્વક નકારી કાઢ્યા અને ભારપૂર્વક જણાવ્યું કે ઉત્પાદનોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તે કોઈપણ હાનિકારક પદાર્થોથી મુક્ત હોવાનું જણાયું હતું.

### ૧૦૦થી વધુ મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ લગાવાયો

# રાજકોટમાં મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ લગાવાયો

**મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ કરવા પર પ્રતિબંધના પોસ્ટર રાજકોટમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે**

રાજકોટ, તા.૫

શહેરના ૧૦૦થી વધુ મંદિરોમાં પ્રવેશને લઈને ડ્રેસ કોડ લાગુ કરાયો છે.મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ કરવા પર પ્રતિબંધના પોસ્ટર રાજકોટમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે. જેમાં મંદિર પરિસરમાં ભક્તોના કેપ્રિ, બરમુડા, ફાટેલા જીન્સ, સ્કર્ટ અને સ્લીવલેસ કપડાં પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સનાતન સ્વરાજ નામની સંસ્થા દ્વારા પોસ્ટર લગાવવામાં આવ્યા છે.

રાજકોટમાં પણ હવે મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશવા પર પ્રતિબંધ લગાવાયો છે. શહેરના ૧૦૦થી વધુ મંદિરોમાં પ્રવેશને લઈને ડ્રેસ કોડ લાગુ કરાયો છે. મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરી પ્રવેશ કરવા પર પ્રતિબંધના પોસ્ટર રાજકોટમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે.જેમાં મંદિર પરિસરમાં ભક્તોના કેપ્રિ, બરમુડા, ફાટેલા જીન્સ, સ્કર્ટ અને સ્લીવલેસ કપડાં પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સનાતન સ્વરાજ નામની સંસ્થા દ્વારા પોસ્ટર લગાવવામાં આવ્યા છે.ત્યારે મંદિર ટ્રસ્ટીઓનું કહેવું છે કે મંદિરની ગરિમા અને સંસ્કૃતિ જળવાય તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે. તો આ અગાઉ દ્વારકા મંદિરમાં શ્રદ્ધાળુઓને ટૂંકા વસ્ત્રો પહેરીને આવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દ્વારકાના જગત મંદિરમાં વ્યવસ્થાપન સમિતિએ ધર્મ અને સંસ્કૃતિને શોભે તેવા કપડા પહેરવા માટે ભક્તોને અપીલ કરી છે. દ્વારકાના જગત મંદિરમાં ઠેર-ઠેર ભક્તો સંસ્કૃતિને અનુરૂપ કપડા પહેરે તેવા બોર્ડ લગાવીને સૂચના આપવામાં આવી છે.

### રાજ્ય સરકાર દ્વારા પહેલો નવતર પ્રયોગ

# ચાલુ વર્ષે જમીન અને પાણી જીવનનો સ્ત્રોત થીમ પર વર્લ્ડ સોઇલ ડે ઉજવવામાં આવ્યો

**જમીનની ઘટતી ગુણવત્તાને કારણે જૈવિક પદાર્થોની ખોટ થાય છે અને જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થાય છે આવી સ્થિતિમાં લોકોને આ અંગે જાગૃત કરવા ખૂબ જ જરૂરી છે**

અમદાવાદ, તા.૫

સોઈલ એટલે કે જમીન સાથે અન્ન, પાણી અને હવા સહિતની અનેક બાબતો જોડાયેલી હોવાથી તેની ગુણવત્તા સદીઓ સુધી જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે. લોકોને જમીનના મહત્વ અને તેની ગુણવત્તા વિશે જાગૃત કરવા દર વર્ષે ૫મી ડિસેમ્બરે “વર્લ્ડ સોઈલ ડે”ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે “જમીન અને પાણી : જીવનનો સ્ત્રોત” થીમ પર વર્લ્ડ સોઈલ ડે ઉજવવામાં આવી રહ્યો છે.

હવે પ્રશ્ન એ થાય છે કે જમીન બચાવવાની જરૂર કેમ છે? વાસ્તવમાં, પ્રદૂષણ અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને પરિણામે જમીનની ગુણવત્તામાં ઘટાડો આવે છે, જે એક ગંભીર સમસ્યા છે. જમીનની ઘટતી ગુણવત્તાને કારણે જૈવિક પદાર્થોની ખોટ થાય છે અને જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થાય છે. આવી સ્થિતિમાં લોકોને આ અંગે જાગૃત કરવા ખૂબ જ જરૂરી છે.

ગુજરાતની ધરતીને ગુણવત્તાયુક્ત અને પ્રદુષણ મુક્ત રાખવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર પહેલ અને પગલાઓ લેવામાં આવ્યા છે. આ અંગે વાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ખેતી લાયક જમીનનું સ્વાથ્ય જળવાઈ રહે અને ખેડૂત મિત્રો ટકાઉ ખેતી કરી શકે તે માટે કૃષિ વિભાગે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

મંત્રી પટેલે કહ્યું કે, જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોનો અયોગ્ય અને અપ્રમાણસરનો ઉપયોગ જમીનને મહદઅંશે નુકશાન પહોંચાડે છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, અને ખેડૂતોને પણ પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહિ, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સરળતાથી અપનાવી શકે તે માટે તાલીમ શિબિરનું પણ આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકારની આ ઝુંબેશને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ખૂબ જ વેગ આપી રહ્યા છે.

મંત્રીએ જણાવ્યું કે, રાજ્યના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ આકર્ષાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સહાય પણ આપવામાં આવે છે. ગાય આધારિત ખેતી માટે સૌથી મહત્વપૂર્ણ ગાયનો નિભાવ ખર્ચ અને જીવામૃત-ઘનજીવામૃત બનાવવા માટે કીટ પણ આપવામાં આવે છે.

મંત્રીએ અન્ય પહેલોની વાત કરતા જણાવ્યું કે, ખેડૂતો તેમની જમીનનું સ્વાસ્થ્ય ચકાસી શકે તે માટે વર્ષ ૨૦૦૩-૦૪થી ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજના’ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ખેતરમાંથી જમીનનો નમૂનો લઈ તેનું પૃથ્થકરણ કરી કરવામાં આવે છે. જે પૃથક્કરણ રિપોર્ટના આધારે હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે અને ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ રીપોર્ટના આધારે પોતાના ખેતરમાં ખૂટતા તત્વો ધરાવતા ખાતરનો ઉપયોગ કરી શકે છે. જેથી ખેતરમાં બીન જરૂરી કેમિકલયુક્ત ખાતરનો ઉપયોગ મર્યાદિત થતા જમીનનું સ્વાસ્થ્ય જળવાય છે.

મંત્રીએ નેનો યુરિયાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, રાજ્ય સરકાર લીક્વીડ ફોર્મમાં આવતા નેનો યુરીયાને પ્રોત્સાહન આપી રહી છે. નેનો યુરીયાનો ફોલીયર સ્પ્રેના રૂપમાં છંટકાવ થતો હોવાથી તે છોડના પાન પર જ રહે છે. પરિણામે આગાઉ દાણાદાર યુરીયા જે સીધુ જમીનમાં નાખવામાં આવતુ જેનાથી જમીનના ક્ષાર વધતા જમીનનું સ્વસ્થ્ય બગડતું તથા જમીનના ખેતી ઉપયોગી જીવાણુંઓનો નાશ થતો હતો, તે અટકે છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપતી પરંપરાગત કૃષિ વિકાસ યોજના હેઠળ ખેડૂતો દ્વારા જૈવીક ખાતરો, જૈવીક જંતુનાશકો, વર્મીકંપોસ્ટ, વનસ્પતિના અર્કનો ઉપયોગ કરીને ખેતી કરવામાં આવે છે. આવા ઉત્પાદનોના ઉપયોગ થકી જમીન વધુ ફળદ્રુપ બનાવવાના પ્રયત્નો પણ રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. જેના થકી જમીનનું સ્વાથ્ય સુધરશે તેવો મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જમીનનું સ્વાસ્થ્ય જળવાય, જમીનની ફળદ્રુપતા વધે, ખેત ઉત્પાદનમાં વધારો થાય તેમજ રસાયણોનો શક્ય હોય એટલો વપરાશ ઘટાડી “વર્લ્ડ સોઈલ ડે”ની ઉજવણી સાર્થક કરી શકાય તેમ છે. જમીનના સ્વાસ્થ્ય બાબતે જાગૃતિ લાવવા ગુજરાત સરકાર તો કટિબદ્ધ છે જ, પરંતુ વધુમાં વધુ ખેડૂતો પણ આ પવિત્ર કામમાં સહભાગી થાય તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

### માર્ગ અકસ્માતમાં સારવારમાં વિલંબથી વધુ મોત થાય છે

# રોડ અકસ્માતના ઘાયલોને હવે મફત સારવાર આપવામાં આવશે

**આ જોગવાઈ માટે મોટર વ્હીકલ એક્ટમાં ફેરફાર પહેલાથી જ કરી દેવાયો હતો, રોડ પરિવહન અને હાઈવે મંત્રાલય ટુંક સમયમાં જ આ અંગે જાહેરાત કરશે**

નવી દિલ્હી, તા.૫

રોડ અકસ્માતમાં સૌથી વધુ મોત માત્ર સારવારમાં થતા વિલંબના કારણે થાય છે. આ ગંભીર વિષય પર ધ્યાન આપતા સરકાર ટુંક સમયમાં જ રોડ અકસ્માતના કેસમાં મફત સારવારની વ્યવસ્થા કરવા જઈ રહી છે. જેથી ઈજાગ્રસ્તોને આસપાસ જલ્દીથી જલ્દી નિઃશૂલ્ક સારવાર મળી શકે અને તેમનો જીવ બચાવી શકાય. તેના માટે મોટર વ્હીકલ એકટમાં ફેરફાર પહેલાથી જ કરી દેવાયો હતો. આંકડા અનુસાર, ગત વર્ષ ૪.૪૬ લાખ રોડ દુર્ઘટનાઓ બની, જેમાં ૪.૨૩ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા અને ૧.૭૧ લાખ લોકોના મોત થયા.

રોડ પરિવહન અને હાઈવે મંત્રાલય ટુંક સમયમાં જ આ અંગે એલાન કરી શકે છે. આવનારા ૪ મહિનાઓમાં આ સુવિધા આખા દેશમાં લાગૂ કરી દેવાશે. મંત્રાલયના સચિવ અનુરાગ જૈને એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું કે, રોડ એક્સિડેન્ટના કારણે સૌથી વધુ મોત ભારતમાં થાય છે. નિઃશુલ્ક અને કેશલેસ મેડિકલ ટ્રીટમેન્ટનો નિયમ મોટર વ્હીકલ એક્ટમાં સામેલ છે. આ નિયમનું પાલન કેટલાક રાજ્યોમાં કરાઈ રહ્યું છે. પરંતુ, હવે આખા દેશમાં તેને લાગૂ કરવાનો સમય આવી ગયો છે. એટલા માટે સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રલયને અપીલ કરાઈ છે કે, કેશલેસ સારવારની સિસ્ટમને આખા દેશમાં લાગૂ કરવામાં આવે. મોટર વ્હીકલ એકટ અને સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર, દુર્ઘટનામાં ઈજાગ્રસ્તોની સારવાર તાત્કાલિક કોઈ નજીકની હોસ્પિટલમાં થવી જોઈએ. જેથી દુર્ઘટના પહેલા કેટલાક કલાકોમાં સારવાર ઉપલબ્ધ થઈ જાય તો આપણે અનેક જીવ બચાવવામાં સફળ થઈ જશું. દુર્ઘટના બાદના શરુઆતની કેટલીક કલાકોને ગોલ્ડન કલાકો ગણવામાં આવે છે. જો તે સમયે ડૉક્ટર પાસે ઈજાગ્રસ્તને પહોંચાડવામાં આવે તો તેને તાત્કાલિક સારવાર મળશે અને જીવ બચવાની શક્યતા વધી જશે.

રોડ સેફ્ટી પ્રત્યે જાગરૂકતા વધારવા માટે સરકાર આ કોર્સને સ્કૂલ અને કોલેજોમાં લાગૂ કરવા જઈ રહી છે. સાથે જ ભારત એનકૈપને પણ લાગૂ કરાઈ રહ્યું છે. જેમાં સીટ બેલ્ટ રિમાન્ડર અને ગાડીઓમાં ટેક્નિકલ ફેરફાર સામેલ છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB)ના અનુસાર, વર્ષ ૨૦૨૨માં ૪,૪૬,૭૬૮ રોડ દુર્ઘટનાઓ બની. જેમાં ૪,૨૩,૧૫૮ લોકો ઈજાગ્રસ્ત થયા અને ૧,૭૧,૧૦૦ લોકોના મોત થયા. કુલ રોડ દુર્ઘટનાઓમાં ૪૫.૫ ટકા ટુવ્હીલર વાહનોના થયા છે. જ્યારબાદ કારથી થનારા અકસ્માત ૧૪.૧ ટકા રહ્યા. જેમાં ઓવર સ્પીડિંગના કારણે સૌથી વધુ દુર્ઘટનાઓ બની અને ૧ લાખથી વધુ લોકોના જીવ ગયા. રિપોર્ટ અનુસાર, રોડ દુર્ઘટનાઓ ગામડાઓમાં સૌથી વધુ બની છે.

### ચંદ્રયાન-3ની સફળતા બાદ ઈસરોની વધુ એક સિધ્ધિ

# ઈસરો અવકાશમાં મોકલેલા યાનને પરત લાવી શકે છે

**ઈસરોએ ચંદ્રનું ચક્કર લગાવી રહેલા પ્રોપલ્શન મોડ્યુલને પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પરત બોલાવી લીધા**

નવી દિલ્હી, તા.૫

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ની સફળ લેન્ડિંગ બાદ ઈસરોએ ફરી એક વખત બધાને ચોંકાવી દીધી છે. આ વખતે ઈસરોએ ચંદ્રનું ચક્કર લગાવી રહેલા પ્રોપલ્શન મોડ્યુલને પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પરત બોલાવી લીધા છે. ઈસરોએ આ પ્રયોગ કરીને સાબિત કરી દીધું છે કે, તે પોતાના યાનને પરત બોલાવી શકે છે.

ઈસરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર એક પોસ્ટ કરતા કહ્યું કે, ચંદ્રયાન-૩ મિશનઃ સીએચ-૩નું પ્રોપલ્શન મોડ્યુલ એક સફળ ચક્કર લગાવે છે! એક અન્ય અનોખા પ્રયોગમાં પ્રોપલ્શન મોડ્યૂલને ચંદ્ર કક્ષાથી પૃથ્વીની કક્ષામાં લાવવામાં આવ્યુ છે. ચંદ્રયાન-૩ મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય ચંદ્રના દક્ષિણી ધ્રુવીય પ્રદેશની નજીક સોફ્ટ લેન્ડિંગ કરીને વિક્રમ અને પ્રજ્ઞાન પર ઉપકરણોનો ઉપયોગ કરીને પ્રયોગો કરવાનો હતો. અંતરિક્ષ યાનને ૧૪ જુલાઈ ૨૦૨૩ ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

લેન્ડર વિક્રમે ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રની સપાટી પર ઐતિહાસિક લેન્ડિંગ કર્યું હતું અને ત્યારબાદ પ્રજ્ઞાનને લેન્ડ કરવામાં આવ્યું હતું. ઈસરોએ એક નિવેદનમાં જણાવ્યું કે, ચંદ્રયાન-૩ મિશનના ઉદ્દેશ્યો સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી લીધા છે.

તેમાં કહેવામાં આવ્યુ છે કે, પ્રોપલ્શન મોડ્યુલનો પ્રમુખ ઉદ્દેશ્ય જિયોસ્ટેશનરી ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ) લેન્ડર મોડ્યૂલને ચંદ્રની અંતિમ ધ્રુવીય ગોળાકારકક્ષા સુધી પહોંચાડવાનો અને લેન્ડરને અલગ કરવાનો હતો. સ્પેસ એજન્સીએ કહ્યું કે અલગ કર્યા બાદ પ્રોપલ્શન મોડ્યુલમાં પેલોડ ’સ્પેક્ટ્રો-પોલરીમેટ્રી ઓફ હેબિટેબલ પ્લેનેટ અર્થ’ ને પણ સંચાલિત કરવામાં આવ્યું.

### મિઝોરમમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટનો ભવ્ય વિજય

# મિઝોરમમાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારોનો વિજય

**મિઝોરમમાં આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ૧૬ મહિલાઓ સહિત ૧૭૪ ઉમેદવારોએ ૭ નવેમ્બરની ચૂંટણી લડી હતી**

આઈઝોલ, તા.૫

મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો ગઈકાલે આવ્યા હતા જેમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ)એ મોટી જીત મેળવી છે. આ વખતે મિઝોરમ વિધાનસભાની ચૂંટણીમાં ૧૬ મહિલા ઉમેદવારો મેદાનમાં હતી જેમાં ૪૦ સભ્યોની વિધાનસભામાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારો ચૂંટાયા છે.મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં (ઝેડપીએમ)એ મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ને સત્તા પરથી હટાવીને મોટી જીત નોંધાવી હતી. જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેડપીએમ)એ ૪૦ સીટની વિધાનસભામાં કુલ ૨૭ બેઠકો જીતી હતી. મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ને માત્ર ૧૦ બેઠકો મળી છે. આ સિવાય ભાજપને બે બેઠક અને કોંગ્રેસનો એક બેઠક પરથી વિજય થયો છે. આ વખતે મિઝોરમ વિધાનસભા ચૂંટણી ખરા અર્થમાં ખાસ હતી જેમાં ૪૦ સભ્યોની વિધાનસભામાં પ્રથમ વખત ત્રણ મહિલા ઉમેદવારો ચૂંટાયા છે.

ગઈકાલે જાહેર થયેલા પરિણામમાં જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ઝેએમપી)ના ઉમેદવાર લાલરીનપુઈ લુંગલેઈ પૂર્વ મતવિસ્તારમાંથી જીત્યા અને તેમના પક્ષના સાથીદાર અને ટેલિવિઝન એક્કર બેરીલ વેન્નીહસાંગી આઈજાવી દક્ષિણ-૩ બેઠક પરથી ચૂંટાયા હતા. આ ઉપરાંત મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ના પ્રોવા ચકમા વેસ્ટ તુઈપુઈ બેઠક પરથી જીત્યા હતા. લાલરિનપુઈ અને પ્રવોએ તેમના પુરૂષ કોંગ્રેસના ઉમેદવારોને હરાવ્યા, જ્યારે બેરિલ વેન્નીહસાંગીએ તેમના એમએનએફપ્રતિસ્પર્ધીને હરાવ્યા હતા. ખ્રિસ્તી પ્રભુત્વ ધરાવતો મિઝો સમાજ પરંપરાગત રીતે પિતૃસત્તાક સંસ્કૃતિને અનુસરે છે. મિઝોરમના મુખ્ય રાજકીય પક્ષોએ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ભાગ્યે જ મહિલા ઉમેદવારોને નોમિનેટ કરે છે ત્યારે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ૧૬ મહિલાઓ સહિત ૧૭૪ ઉમેદવારોએ ૭ નવેમ્બરની ચૂંટણી લડી હતી, જ્યારે ૧૮ મહિલાઓ સહિત કુલ ૨૦૯ ઉમેદવારોએ ૨૦૧૮માં છેલ્લી વિધાનસભા ચૂંટણી લડી હતી. ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં છ મહિલા ઉમેદવારો સહિત ૧૩૬ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. ૨૦૧૩ કે ૨૦૧૮ની ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર જીતી શકી નથી. મિઝોરમમાં વિધાનસભામાં ચૂંટાયેલી પ્રથમ મહિલા પીપલ્સ કોન્ફરન્સ (PC) ના એલ. થાનમાવી હતા.

### વિપક્ષી ગઠબંધનમાં ભૂમિકા ભજવનારા નીતિશ હવે ભાગે છે

# છ ડિસેમ્બરની ઈન્ડિયાની બેઠકમાં નીતિશ કુમાર સામેલ નહીં થાય

**યૂપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ સિંહ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તરફથી પહેલા જ બેઠકમાં સામેલ ન થવાના સંકેત આપી દેવાયા છે**

નવી દિલ્હી, તા.૫

આખા વિપક્ષને એકજૂથ કરી ઈન્ડિયાગઠબંધન બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવનારા મુખ્યમંત્રી નીતીશ કુમાર હવે ગઠબંધનની દૂર ભાગતા નજરે પડી રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ૬ ડિસેમ્બરે દિલ્હીમાં ઈન્ડિયાગઠબંધનની બેઠક બોલાવી છે. ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની હાર બાદ આ પહેલી બેઠક છે. જેના પર સૌની નજર પણ છે. તેવામાં સૂત્રો જણાવી રહ્યા છે કે, મુખ્યમંત્રી નીતીશ કુમાર આ બેઠકમાં સામેલ નહીં થાય. યૂપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ સિંહ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તરફથી પહેલા જ બેઠકમાં સામેલ ન થવાના સંકેત આપી દેવાયા છે. તેવામાં હવે નીતીશ કુમાર આ બેઠકમાં સામેલ નહીં થવાની ચર્ચાએ જોર પકડ્યું છે. તો અખિલેશના બદલે સપાથી રામગોપાલ યાદવ સામેલ થશે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે આજે દિલ્હી પહોંચી ચૂક્યા છે. તેઓ ઈન્ડિયાગઠબંધનની બેઠકમાં ભાગ લેશે. જેડીયુતરફથી મુખ્યમંત્રી નીતીશ કુમારના જવા કે ન જવાના વિષય પર કોઈ નિવેદન નથી આપ્યું. જોકે, જેડીયુનેતાનું કહેવું છે કે, મુખ્યમંત્રી નીતીશ કુમારને ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપી છે. તેમને વાયરલ તાવ આવ્યો હતો. જેને લઈને હાલ તેમની તબિયત ઠીક નથી. એટલા માટે તેઓ દિલ્હીમાં થનારી બેઠકમાં સામેલ નહીં થાય. જોકે, તેના બદલે જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ અને જળ સંસાધન મંત્રી સંજય કુમાર ઝા આ બેઠકમાં સામેલ થશે. ત્યારે, આરજેડીતરફથી પાર્ટી અધ્યક્ષ લાલૂ પ્રસાદ યાદવ અને ઉપમુખ્યમંત્રી તેજસ્વી પ્રસાદ યાદવ સામેલ થશે. મમતા બેનર્જીએ આ બેઠકમાં સામેલ થવાની ના પડતા કહ્યું કે, મને ઈન્ડિયા ગઠબંધનની બેઠક અંગે કોઈ માહિતી નથી. કોઈએ મને આ બેઠક અંગે જણાવ્યું નથી અને ના મને કોઈ આ અંગે કોલ આવ્યો છે. ઉત્તર બંગાળમાં મારો ૬ થી ૭ દિવસનો કાર્યક્રમ છે. મેં અન્ય યોજનાઓ પણ બનાવી છે. જો હવે તેઓ મને બોલાવે છે તો હું મારી યોજનાઓ કેવી રીતે બદલી શકું.

### રાજ્ય પર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર

# રાજ્યમાં હજુ પાંચ દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી

**મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની આગાહી**

અમદાવાદ, તા.૫

સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે ગુજરાતમાં હજુ પાંચ દિવસ વાદળછાયા વાતાવરણ અને હળવા કમોસમી વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થતાં ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં માવઠું થવાની શક્યતા રહેશે. આગામી પાંચ દિવસમાં રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે આ ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અુનાસાર અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, તાપી, નર્મદા, છોટા ઉદેપુર તેમજ સુરત-ભરૂચ-તાપી-નર્મદામાં હળવો વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે કેટલાક ભાગોમાં પણ વરસાદી માહોલ રહે તેવી શક્યતા છે જોકે, પાંચ દિવસ બાદ રાજ્યમાં કમોસમી વરસાદની સંભાવના નહિવત્ છે. આ ઉપરાંત આગામી ૨-૩ દિવસમાં લઘુતમ તાપમાન ૨-૩ ડિગ્રી સુધી ઘટતાં ઠંડીમાં આંશિક વધારો અનુભવાશે. આ પછીના ૪-૫ દિવસ લઘુતમ તાપમાનમાં વધારો થવાની સંભાવના છે. અમદાવાદમાં ૧૯.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં પાંચ ડિગ્રીનો વધારો જ્યારે આજે ૨૭.૫ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩ ડિગ્રીનો ઘટાડો થયો હતો. ગત રાત્રિએ નલિયામાં ૧૪.૪ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન હતું.

### રાજસ્થાનના કોંગ્રેસના ઉમેદવારનો વીડિયો વાયરલ

# ભાજપના જીતના જશ્નને જોતા સમર્થકોને બે દિવસ બજારમાં ન જવા અપીલ

જયપુર, તા.૫

રાજસ્થાનની તિજારા વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ઈમરાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ઈમરાન ખાન પોતાના સમર્થકોને એક-બે દિવસ બજારમાં ન જવા માટે અપીલ કરી રહ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ વીડિયો ચૂંટણી પરિણામો આવી ગયા બાદનો છે જેમાં તેઓ હાર્યા બાદ પોતાના સમર્થકોને સંબોધિત કરી રહ્યા છે.વાયરલ વીડિયોમાં ઈમરાન ખાન એવું કહી રહ્યા છે કે, હવે એક-બે દિવસ બજારમાં ન નીકળતા કારણ કે, બીજેપી વાળાની જીતનો જશ્ન મનાવવાની રીત ખૂબ જ ઉગ્ર છે. આગળ ઈમરાન ખાન પોતાના સમર્થકોને કહી રહ્યા છે કે, કોઈની સાથે કોઈ લડાઈ નહોતી. એ તમામ લોકોનો ધન્યવાદ જેમણે મને ચૂંટણીમાં સંપૂર્ણ સહકાર આપ્યો. લોકોને ફરિયાદ પણ હશે કે, હું દરેક ગામો સુધી પહોંચી ન શક્યો પરંતુ તમામે મારા માટે ખૂબ મહેનત કરી. બાબા બાલકનાથે તિજારા બેઠક પર જીત મેળવી છે. જ્યાં ૧૯૫૧થી ૨૦૧૮ વચ્ચે ભાજપ માત્ર એક જ વખત જીતી હતી. અહીં પોતાના આક્રમક પ્રચારથી બાલકનાથે કોંગ્રેસના ઈમરાન ખાનને ૬૧૭૩ મતોના માર્જિનથી હરાવીને જીત મેળવી છે. આ બેઠક મતદાનની દ્રષ્ટિએ બીજા સ્થાને હતી. અહીં ૮૬.૧૧ ટકા મતદાન થયું હતું.

### આગળ વધતા મિચોંગ ચક્રવાતની અસર વધી

# ચેન્નાઈમાં વરસાદના પાણી ભરાયાં, ટ્રેનો-ફ્લાઈટ્સ રદ

## પાંચ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી, આઠ જણાનાં મોત

ચેન્નાઈ, તા.૫

ચક્રવાત મિચોંગ જેમ જેમ તમિલનાડુ અને આંધ્રપ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે તેમ તેમ તેની અસર વધી રહી છે ત્યારે ગઈકાલે ચેન્નઈમાં ભારે વરસાદ પડતા આખું શહેર પાણીમાં ગરક થયુ હતું અને રસ્તા પરના વાહનો તરતા જોવા મળ્યો હતા. આજે વાવાઝોડું ગંભીર ચક્રવાતમાં પરિવર્તિત થઈને બપોર સુધીમાં આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટકવાની સંભાવના છે ત્યારે દરિયાકાંઠાના પાંચ રાજ્યોમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ચક્રવાત મિચોંગ આજે આધપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકવાની સંભાવના છે ત્યારે પાંચ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ચેન્નઈમાં ભારે વરસાદને કારણે ૧૨ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. તેમજ ઘણી ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત અનેક જિલ્લાઓમાં શાળાઓમાં પણ રજા જાહેર કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતા અહેવાલ મુજબ ચેન્નઈમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં આઠ લોકોના મોતના સમાચાર છે. ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ અધિકારીઓને હાઈ એલર્ટ પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. ગંભીર ચક્રવાતી વાવાઝોડાની અસરને કારણે આંધ્રપ્રદેશમાં ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે તિરુપતિ, નેલ્લોર, પ્રકાશમ, બાપટલા, કૃષ્ણા, પશ્ચિમ ગોદાવરી, કોનાસીમા અને કાકીનાડા માટે ચેતવણી જાહેર કરી છે. મુશળધાર વરસાદને કારણે ચેન્નઈ એરપોર્ટના રનવે અને સબવે પર પાણી ભરાઈ ગયા છે. જેના કારણે ફ્લાઈટને અસર થઈ છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગનમોહન રેડ્ડી પણ ચક્રવાતને લઈને સતત બેઠકો કરી રહ્યા છે અને તેમણે કહ્યું કે બાપટલા કલેક્ટર કચેરીએ સ્થાનિક લોકોની સુરક્ષા અને રાહત કાર્ય માટે તમામ જરૂરી પગલાં લીધા છે. ચક્રવાતના કારણે અધિકારીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૪ કલાક સંકલન અને પરિસ્થિતિની દેખરેખ માટે કંટ્રોલ રૂમની સાથે મેડિકલ કેમ્પ પણ ગોઠવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત એનડીઆરએફએ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પુડુચેરી માટે ૧૮ ટીમો તૈનાત કરી છે અને ૧૦ વધારાની ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે.

ચક્રવાત મિચોંગને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. ચક્રવાતને કારણે તબાહીના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ચક્રવાત મિચોંગ તમિલનાડુ, ઓડિશા, આંધ્રપ્રદેશ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાના વિસ્તારોને ઘમરોળશે અને તે સમયે ૧૦૦ કિલોમીટરથી વધુની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે આ વિસ્તારોમાં ભારે વરસાદની પણ સંભાવના વ્યક્ત કરી છે.

### અધિકારીઓને નકશા લઈને હાજર રહેવા સૂચના

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એરપોર્ટ બનાવવામાં આવશે

## એરપોર્ટ પ્રી-ફિઝિબિલિટી સ્ટડીની કામગીરી માટે ટીમ આવશે

મહેસાણા, તા.૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એરપોર્ટ બનાવવામાં આવશે. ૬ ડિસેમ્બરે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ટીમ વડનગર આવશે. એરપોર્ટ ઓથોરિટીની ટીમ ૩ જગ્યાએ સરવે કરશે જે અનુસંધાને જિલ્લાના અધિકારીઓને જાણ કરાઈ છે.

એરપોર્ટ પ્રી-ફિઝિબિલિટી સ્ટડીની કામગીરી માટે ટીમ આવશે. DILR મહેસાણા,વડનગર અને વિસનગર મામલતદારને પણ જાણ કરાઈ છે. અધિકારીઓને સૂચિત જગ્યાના ૭/૧૨, ગામનો નકશા સાથે હાજર રહેવા સૂચના અપાઈ છે. એરપોર્ટ માટે વડનગર, ગુંજા અને ચાંદપુર ગામના ૧૫૯ સરવે નંબરની જમીનનો સમાવેશ કરાયો છે. નાગરિક ઉડ્ડયન કચેરી દ્વારા મહેસાણા જિલ્લાના અધિકારીઓને સૂચના અપાઈ છે.

વડનગરમાં આવેલું ગુજરાતની શાન એવું કિર્તી તોરણ, તાનારીરીની સમાધિ, શર્મિષ્ઠા તળાવ, બૌદ્ધ વિરાસત, પ્રસિદ્ધ હાટકેશ્વર મંદિર તેમજ પુરાતત્વ વિભાગના ઉત્ખનન દરમિયાન ઘણી બધી ઐતિહાસિક બાબતો મળી આવેલી છે

### શેરબજારમાં સતત બીજા દિવસે તેજીનો પવન

# સેન્સેક્સમાં ૪૩૧ અને નિફ્ટીમાં ૧૬૮ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

## અમેરિકાની રોકાણ સંસ્થાએ ગૌતમ અદાણી જૂથને ક્લીનચીટ આપ્યા બાદ, શેરોમાં બમ્પર વૃદ્ધિના આધારે અદાણી વિશ્વના ૧૬મા સૌથી ધનિક વ્યક્તિ બન્યા

નવી દિલ્હી, તા.૫

મંગળવારે શેરબજારના કારોબારમાં સારી ગતિ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ ૪૩૧ પોઈન્ટના વધારા સાથે ૬૯,૨૯૬ ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૬૮ પોઈન્ટના વધારા સાથે ૨૦૮૫૫ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. અમેરિકાની રોકાણ સંસ્થા ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશને ગૌતમ અદાણી ગ્રુપને ક્લીનચીટ આપ્યા બાદ તેમની કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો છે અને ગૌતમ અદાણી હવે વિશ્વના ૧૬મા સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે.

મંગળવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, મલ્ટિબેગર શેર્સમાં સારો ઉછાળો નોંધાયો હતો. મંગળવારે, શેરબજારના તેજીના સમયગાળા દરમિયાન, જીયોફાઈનાન્સિયલ સર્વિસિસના શેર ૫.૩૫ ટકાના ઉછાળા સાથે ૨૪૨ રૂપિયાના સ્તરને પાર કરી ગયા હતા. મંગળવારે પટેલ એન્જિનિયરિંગ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કામધેનુ લિમિટેડ, દેવયાની ઈન્ટરનેશનલ, ટાટા મોટર્સ અને ઓમ ઈન્ફ્રાના શેરમાં વધારો નોંધાયો હતો.

માત્ર છ દિવસમાં ગૌતમ અદાણીની સંપત્તિમાં ૪૬,૬૬૩ કરોડનો વધારો થયો, જાણો કઈ કંપનીનો ફાળો સૌથી વધુ!

યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, સ્ટોવ ક્રાફ્ટ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ અને ગતિ લિમિટેડના શેર નબળાઈ પર બંધ થયા હતા. મંગળવારે ગૌતમ અદાણી ગ્રુપની નવ લિસ્ટેડ કંપનીઓના શેરમાં બમ્પર વધારો નોંધાયો હતો. મંગળવારે અદાણી ટોટલ ગેસ અને અદાણી ગ્રીન એનર્જીના શેર ૨૦ ટકાની ઉપલી સર્કિટ પર બંધ થયા હતા.

એનડીટીવીઅને અદાણી એન્ટરપ્રાઈઝ ૧૮ ટકા વધ્યા હતા.અદાણી પોર્ટ્સ-અદાણી પાવર મંગળવારે ૧૬ ટકાના વધારા સાથે બંધ થયા હતા. અદાણી વિલ્મર ૧૦ ટકા વધ્યો.એસીસી લિમિટેડ અને અંબુજા સિમેન્ટના શેર ૮ ટકાના વધારા સાથે બંધ થવામાં સફળ થયા.

મંગળવારના કારોબારમાં પતંજલિ ફૂડ્સ, આસીઆઈસીઆબેંક, ફેડરલ બેંક, મારુતિ સુઝુકી, એચડીએફસીબેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેંકના શેરમાં વધારો થયો હતો, જ્યારે જીફૈ કાર્ડ, ઈન્ફોસિસ, બજાજ ફાઈનાન્સ, આઈઆરસીટીસી, મુથુટ ફાઈનાન્સ અને આશાનિષા ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો નોંધાયો હતો. નોંધવામાં આવ્યું હતું.

મંગળવારે, શેરબજારના કારોબારમાં, નિફ્ટી મિડ કેપ, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં વધારો નોંધાઈ રહ્યો હતો જ્યારે નિફ્ટી આઈટી થોડી નબળાઈ પર કામ કરી રહ્યો હતો. શેરબજારમાં નબળાઈ દર્શાવતા શેરની વાત કરીએ તો એલટીઆઈમાઈન્ડટ્રી, એચયુએલ, એચસીએલટેક અને ડીવીસ લેબના શેર નબળાઈ પર કામ કરી રહ્યા હતા. મંગળવારે, બીએસઈસેન્સેક્સ સતત બીજા દિવસે મોટા ઉછાળા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

### ભાજપની વિજકૂચ જારી રહેવાની શક્યતા

# કલ્યાણ યોજનાઓ - હિંદુ અસ્મિતાએ ભાજપને વિજય અપાવ્યો

## વિશ્લેષકો તેમ પણ કહે છે કે 'હીન્દી હાર્ટલેન્ડ' પર ભાજપનો પૂરો પ્રભાવ છે, બીજી તરફ તે જ વિસ્તારમાં કોંગ્રેસને લોસ, કોંગ્રેસને નિર્બળ બનાવી રહ્યો છે

નવી દિલ્હી, તા.૫

ભાજપની વિજયી ધાર હજી પણ ચાલુ રહેવા સંભવ છે તેમ કહેતા વિશ્લેષકો જણાવે છે કે, ભાજપની કલ્યાણ-યોજનાઓ તેમની હિન્દુ અસ્મિતાને લીધે ભાજપે ૨૦૨૨માં ઉ.પ્ર.માં વિજય પ્રાપ્ત કર્યો હતો. આ રીતે જ તેણે રાજસ્થાન, મ.પ્ર. અને છત્તીસગઢમાં વિજય કર્યો છે, અને આ શસ્ત્રોનો તે ભવિષ્યમાં પણ ઉપયોગ કરશે જ તે નિશ્ચિત લાગી રહ્યું છે. આ રીતે ભાજપ વિપક્ષીના કાયરતા ભર્યા હુમલાઓનો બરોબર વળતો જવાબ આપે છે અને આપશે, અને ભાજપનાં કેન્દ્રીકરણ સામે વિપક્ષો જ પરાસ્ત થઈ રહ્યા છે તેમ જ પરાસ્ત થતાં રહેશે.

આ સાથે વિશ્લેષકો તેમ પણ કહે છે કે 'હીન્દી હાર્ટલેન્ડ' પર ભાજપનો પૂરો પ્રભાવ છે. બીજી તરફ તે જ વિસ્તારમાં કોંગ્રેસને થયેલો લોસ, કોંગ્રેસને નિર્બળ બનાવી રહ્યો છે અને ભાજપ સામે ટક્કર લેવાને તે એકમાત્ર સખત પક્ષ છે તેવો કોંગ્રેસનો દાવો પણ નિર્બળ બન્યો છે.

આ શું સુચવે છે? વાત સીધી અને સાદી છે. બહુમતિ હિન્દુઓ માને છે કે, ભાજપ કશું ખોટું કરી શકે તેમ નથી જ્યારે વિપક્ષો કશું સાચું કરી શકે તેમ નથી. બસ આ જ સંદેશો ભાજપના ત્રણ રાજ્યોના વિજયનો છે. જે લોકસભાની આગામી ચૂંટણીમાં પણ અસરકારક બની રહેશે.

તેલંગાણા ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ના હાથમાંથી આંચકી શકી. તે એક માત્ર કોંગ્રેસ માટે રાહતરૂપ છે પરંતુ તે ભુલવું ન જોઈએ કે બીઆરએસ એક પ્રાદેશિક પક્ષ છે. તે ભાજપ જેવો વ્યાપક પક્ષ નથી. આથી ભાજપ સામે ટક્કર લઈ શકનાર કોંગ્રેસ એકમાત્ર રાષ્ટ્રવાદી પક્ષ છે તેવો કોંગ્રેસનો દાવો ટકી શકે તેમ નથી. તે નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ નીચેની યુદ્ધ નૌકાની બરોબરી કરી શકે તેમ નથી. કોંગ્રેસે ચૂંટણી પહેલા વચનોનો પ્રવાહ વહાવ્યો હતો. એક પછી એક કાર્યક્રમો, એક પછી એક વચનો આપવા શરૂ કર્યા પરંતુ તે સર્વે અવળો પડયો. આવા થોડા એક વચનો પાળવાની વાત પણ ચૂંટણી સમયે, કારગત નીવડી શકે નહીં તે કોંગ્રેસ ભૂલી ગઈ.

કોંગ્રેસે તો પોતે વિજયી જ થશે તેમ માનીને રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવારો પણ જાહેર કરી દીધા. ભૂપેશ બધેલ લોકપ્રિય છે તેમ માની જ લેવાયું જ્યારે મધ્યપ્રદેશમાં કમલનાથ ઘણા લોકપ્રિય છે તેમ પણ માની લેવામાં આવ્યું.

આ સામે ભાજપે નવો જ દાવ ખેલ્યો. તેણે મુખ્યમંત્રી પદ માટેના ઉમેદવારોનાં નામ જ જણાવ્યા નહીં, આમ તે ભાજપ માટે કાર્યસાધક નિવડયું. કોંગ્રેસના પગલાં તેને માટે જ અવળા પડયા.

આ સંયોગોમા તેલંગાણા કોંગ્રેસ માટે એકમાત્ર રાહત છે ત્યાં તેલુગુ દેશમ પાર્ટીમાંથી જુદા પડેલા રેવાનાથ રેડ્ડી માટે જગ્યા છે.

### ૧૯૩૧માં ૧ ફિલ્મથી ચમકી કિસ્મત

# પૃથ્વીરાજ કપૂર માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ પહોંચ્યા હતા

## પહેલા તેમના બાળકો અને હવે પૌત્ર અને ચોથી પેઢી પણ બોલિવૂડમાં દમદાર પાત્ર ભજવીને ધાક જમાવે છે

ઉમુંબઈ, તા.૫

એક્ટિંગની દુનિયામાં અમુક એક્ટર એવા પણ છે, જેની પેઢીઓ વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં રાજ કરી રહી છે. પહેલા તેમના બાળકો અને હવે પૌત્ર અને ચોથી પેઢી પણ બોલિવૂડમાં દમદાર પાત્ર ભજવીને ધાક જમાવે છે. એવા જ એક એક્ટર વિશે આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ જે માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ આવ્યા હતાં. પરંતુ, આજે તે વ્યક્તિના પરિવારે ઈન્ડસ્ટ્રીમાં સૌથી મોટું નામ કમાવ્યું છે. હિન્દી સિનેમાના આ સ્ટાર જેમણે ૧૯૩૧માં પોતાની એક ફિલ્મમાં સાબિત કરી દીધું હતું કે તેઓ ઈન્ડસ્ટ્રીમાં નવો બદલાવ લાવવા જઈ રહ્યા છે. જેણે પોતાના અભિનયથી ઈન્ડસ્ટ્રી પર વર્ષો સુધી રાજ કર્યું. કપૂર પરિવારનો સ્ટાર જેણે પોતાના દરેક પાત્રમાં પ્રાણ ફૂંકી દીધા હતાં. જી નહીં, તે રાજ કપૂર નથી. તે એવી વ્યક્તિ છે કે જેઓ ફિલ્મોમાં કામ કરવા છતાં રંગભૂમિ તરફ વધારે ઝુકાવ ધરાવતા અને ૧૯૪૪માં પૃથ્વી થિયેટરની સ્થાપના કરી હતી. કપૂર પરિવારના મોટાભાગના સભ્યો ફિલ્મી દુનિયામાં જોવા મળ્યા છે. તેમાંથી કેટલાક ફિલ્મી દુનિયામાં સ્થાન બનાવવામાં સફળ રહ્યા પરંતુ બાદમાં તે ગાયબ થઈ ગયાં. પરંતુ અમુક તો એકદમ સફળતાનો સ્વાદ નથી ચાખી શક્યા. પરંતુ આજે અમે વાત કરી રહ્યા છીએ પ્રખ્યાત એક્ટર પૃથ્વીરાજ કપૂરની, જેમણે ૧૯૩૧માં પોતાની પહેલી બોલતી ફિલ્મ 'આલમ આરા'માં સપોર્ટિંગ એક્ટર તરીકે કામ કર્યું હતું. જેમને ૧૯૩૪માં દેવકી બોઝની ફિલ્મ 'સીતા'માં મહત્વની ભૂમિકા ભજવીને પોતાની આગવી ઓળખ મળી હતી. આ ફિલ્મથી તે પોતાની ઓળખ બનાવવામાં સફળ રહ્યો હતો. પૃથ્વીરાજ એ મહાન વ્યક્તિ હતા જેમણે ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો અને આ પરંપરા આજ સુધી પેઢી દર પેઢી ચાલુ છે. તેમને ભારતીય સિનેમાના યુગપુરુષ પણ કહેવામાં આવ્યા હતા. સિનેમાની દુનિયામાં તેમને 'પાપાજી' પણ કહેવામાં આવતા હતા. કહેવાય છે કે તે શરૂઆતથી જ એક્ટિંગમાં કરિયર બનાવવા માંગતા હતા. વર્ષ ૧૯૨૮માં, તેઓ તેમના સપનાને પૂરા કરવા માટે તેમની માસી પાસેથી ઉધાર લઈને મુંબઈ પહોંચ્યા હતાં. કરિયરની શરુઆત કરવું તેમના માટે સરળ નહતું. એક્ટરે તે સમયમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. એક્ટર હોવાની સાથો-સાથ તે એક જાણીતા થિયેટર આર્ટિસ્ટ પણ હતાં. હિન્દી સિનેમામાં પૃથ્વીરાજ કપૂરનું યોગદાન ભાગ્યે જ ભૂલી શકાય. જ્યારે તેઓ મુંબઈ આવ્યા ત્યારે તેમણે થિયેટર આર્ટિસ્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. પરંતુ તેમને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની પ્રથમ તક વર્ષ ૧૯૩૧માં ફિલ્મ 'આલમ આરા'માં સહાયક ભૂમિકા ભજવીને મળી. આ ફિલ્મની એક ખાસ વાત એ હતી કે તે ભારતીય સિનેમાની પ્રથમ બોલતી ફિલ્મ હતી. સ્વર્ગસ્થ અભિનેતા પૃથ્વીરાજ કપૂરે તેમની કારકિર્દીમાં એક પછી એક અનેક શાનદાર પાત્રો ભજવ્યા હતા. , તેણે 'મુગલ-એ-આઝમ', 'આવારા' અને સિકંદર જેવી ફિલ્મોમાં પણ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. આજે તેની ચોથી પેઢીમાં રણબીર કપૂર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી રહ્યો છે.

### પાર્ટીમાં ના દેખાઇ રશ્મિકા મંદાના

# રણબીર કપૂરે એનિમલ ટીમ સાથે મનાવી સકસેસ પાર્ટી

## રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ એનિમલ હાલમાં સિનેમાઘરોમાં રિલીઝ થઇ ગઇ છે

મુંબઈ, તા.૫

રણબીર કપૂર, બોબી દેઓલ અને રશ્મિકા મંદાનાની ફિલ્મ એનિમલ રિલીઝ હાલમાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. આ મુવી હાલમાં બોક્સ ઓફિસ પર ધમાલ મચાવે છે. સંદીપ રેડ્ડી વાંગા નિર્દેશિત ફિલ્મ એનિમલને રિલીઝ થવાનું આજે ત્રીજો દિવસ છે. આ ફિલ્મ હાલમાં છપ્પરફાડ કમાણી કરી રહી છે. આ ફિલ્મ જોઈને દર્શકો ખુશ-ખુશ થઈ ગયા છે. આ ફિલ્મના શો હાલમાં સતત હાઉસફૂલ જઈ રહ્યા છે. આ ફિલ્મએ ત્રણ દિવસમાં ૨૦૨.૫ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ ફિલ્મએ અનેક મોટી ફિલ્મોને પાછળ પાડી દીધી છે. આ દરમિયાન કેટલીક તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે. સામે આવેલી તસવીરોમાં અપાર સફળતા પછી રણબીર કપૂર, અનિલ કપૂર, સંદીપ રેડ્ડી વાંગા અને નિર્માતા ભૂષણ કુમાર સાથે જશ્ન મનાવતા જોવા મળ્યા. પરંતુ આ પાર્ટીમાં રશ્મિકા મંદાના નજરે પડી નથી. પાર્ટીની જે તસવીર સામે આવી છે એમાં અનિલ કપૂર, રણબીર કપૂર,સ સંદીપ રેડ્ડી વાંગા અને ભૂષણ કુમાર જોવા મળી રહ્યા છે. આ તસવીરમાં રણબીર કપૂર ઓલ બ્લેકમાં લુકમાં જોવા મળી રહ્યો છે. આ લુકમાં રણબીર એકદમ કુલ દેખાઈ રહ્યો છે. જ્યારે અનિલ કપૂરે પોતાના લુકથી લોકોનું ધ્યાન ખેંચ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે રણબીર અને બોબી દેઓલનો ફાઈટ સીટ ચાલી રહ્યો છે. આ સીન જોઈને થિએટર્સમાં લોકો તાળીઓ અને સીટી વગાડી રહ્યા છે, ત્યારે આ સમયે સુપર એક્સાઈટેડ ક્રેઝી ફેન થિએટર્સમાં ફટાકડા ફોડવા લાગ્યો. વિડીયોમાં ફેન્સ થિએટર્સ હોલમાં એકદમ સ્ક્રીનની આગળ આવીને આતશબાજી કરતો નજરે પડી રહ્યો છે. તમને જણાવી દઈએ કે રણબીર કપૂર અને બોબી દેઓલનો ખુંખાર અવતાર ફેન્સને ડોલાવી દીધા છે. એનિમલ મુવીએ પહેલાં દિવસે ઈન્ડિયન બોક્સ ઓફિસ પર ૫૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. જીટ્રુશ્હેજ્ઞ ની શરૂઆતના આંકડાઓ અનુસાર એનિમલ મુવીએ ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૫૦ કરોડ રૂપિયાથી પણ વધારે કમાણી કરી લીધી છે, જે પછી રણબીર કપૂરની આ ફિલ્મએ ગદર ૨, ટાઈગર ૩ ની પહેલાં દિવસની કમાણીને પાછળ છોડી દીધી છે.

### દીપિકા પાદુકોણે ઇતિહાસ રચ્યો

# એકેડમી મ્યૂઝિયમ ગાલામાં દીપિકા પાદુકોણનો જલવો

## હાલમાં એકેડમી મ્યૂઝિયમ ગાલાનું આયોજન કરવામાં આવ્યુ જેને ઓસ્કાર પછી દુનિયાનું બીજુ સૌથી મોટો મંચ માનવામાં આવે છે

મુંબઈ, તા.૫

બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણનું નામ બ્રેન વિથ બ્યૂટી હસીનાઓના લિસ્ટમાં શામેલ થઈ ગયુ છે. દીપિકા માત્ર ખૂબસુરત એક્ટ્રેસ નથી, પરંતુ ખૂબ ટેલેન્ટેડ પણ છે. પોતાની એક્ટિંગ સ્કિલ્સ અને કાતિલ લુકથી દીપિકા બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધીની ફિલ્મોમાં પોતાનું નામ રોશન કરી લીધુ છે. જો કે હવે દીપિકાએ પોતાની ટેલેન્ટને લઈને ભારતને ગૌરવાન્વિત હોવાનો મોકો આપ્યો છે અને આવું કરીને એક્ટ્રેસે પોતાના નામે મોટી ઉપલબ્ધિ હાંસિલ કરી લીધી છે. હાલમાં એકેડમી મ્યૂઝિયમ ગાલાનું આયોજન કરવામાં આવ્યુ જેને ઓસ્કાર પછી દુનિયાનું બીજુ સૌથી મોટો મંચ માનવામાં આવે છે. આ ઈવેન્ટમાં અનેક હોલિવૂડ સિતારાઓએ રેડ કાર્પેટ પર પોતાનો જલવો બતાવ્યો હતો. આ ઈવેન્ટમાં બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ પણ સામેલ થઈ. આમ, દીપિકા પાદુકોણ એકેડમી મ્યુઝિયમ ગાલામાં શામેલ થનારી પહેલી ઈન્ડિયન એક્ટ્રેસ બની ગઈ છે. દીપિકા પાદુકોણે ફરી એક વાર આપણાં દેશનું નામ રોશન કરી દીધુ છે. આ પહેલાં એક્ટ્રેસે આ વર્ષની શરૂઆતમાં ઓસ્કારમાં ઈન્ડિયન ગીતને પ્રેજન્ટ કરવા માટે ઈતિહાસ રચી દીધો હતો. દીપિકાએ એકેડમી મ્યૂઝિયમ ગાલાની ઉપલબ્ધિ સિવાય એનો લુક પણ ખૂબ ચર્ચામાં રહ્યો. આ દરમિયાન દીપિકા પાદુકોણે બ્લૂ કલરનું વેલવેટ ગાઉન પહેર્યુ હતુ. ડ્રેસની સાથે એક્ટ્રેસે ડાયમંડ જ્વેલરી પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. દીપિકાની આ વાતથી ફેન્સ ખુબ ખુશ થઈ ગયા છે. દીપિકાના વર્કફ્રન્ટની વાત કરીએ તો દીપિકા જલદી ઋતિક રોશનની સાથે ફાઈટર ફિલ્મમાં જોવા મળશે. આમ, વાત કરવામાં આવે તો દીપિકાનું સોશિયલ મિડીયામાં ફેન ફોલોઈંગ પણ ઘણું વધારે છે. સામાન્ય રીતે દીપિકાની તસવીરો અને વિડીયો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થતા હોય છે. જો કે દર્શકો દીપિકાને ઋતિક રોશન સાથે જોવા ઈચ્છે છે. આમ આ મુવી ક્યારે રિલીઝ થશે એ વાતને લઈને હાલમાં ચારેબાજુ ચર્ચાઓ ચાલી રહી છે.

### સોશિયલ મીડિયા પર તસવીરો વાયરલ

# રેડ બ્લેઝરમાં ઈવેન્ટમાં પહોંચી કરીના કપૂર ખાન

## ઈવેન્ટ માટે કરીના કપૂરે લાલ બ્લેઝર સાથે ગ્રે લૂઝ પલાઝો પહેર્યો હતો, બેબોએ ખૂબ જ શાનદાર પોઝ આપ્યા હતા

મુંબઈ, તા.૫

ફેશન ક્વીન એટલે કે કરીના કપૂર હાલમાં જ મુંબઈમાં એક ઈવેન્ટમાં જોવા મળી હતી. જ્યાં અભિનેત્રી રેડ હોટ લુકમાં જોવા મળી હતી.એક્ટ્રેસની આ તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કરીના કપૂરની આ તસવીરો મુંબઈમાં યોજાયેલી ઈવેન્ટની છે. જ્યાં તેનો ખૂબ જ સ્ટાઈલિશ લુક જોવા મળ્યો હતો. લેટેસ્ટ તસવીરોમાં કરીના કપૂર લાલ રંગના હોટ આઉટફિટમાં જોવા મળી હતી.તેણે પાપારાઝીને ઘણા પોઝ આપ્યા હતા. ઈવેન્ટ માટે કરીના કપૂરે લાલ બ્લેઝર સાથે ગ્રે લૂઝ પલાઝો પહેર્યો હતો. બેબોએ ખૂબ જ શાનદાર પોઝ આપ્યા હતા. કરીનાએ ડાયમંડ ઈયરિંગ્સ અને બ્લેક હાઈ હીલ્સ સાથે પોતાનો ખૂબસૂરત લુક પૂરો કર્યો. એક તરફ અભિનેત્રીના ચાહકો તેના લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે. કેટલાક લોકોને બેબોનો આ અવતાર બિલકુલ પસંદ નથી આવી રહ્યો. કરિના કપૂર આ નવા લૂકમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. કરીનાની આ તસવીરો પર યુઝર્સ વિવિધ પ્રકારની કોમેન્ટ્સ કરવા લાગ્યા. એક યુઝરે લખ્યું,- 'હવે તે આંટી બની ગઈ છે.

### બોલિવૂડનો એકલોતો સુપરસ્ટાર

# સલમાનની ૧૦ ફિલ્મો થઈ ફ્લોપ, છતાં ન ઘટ્યું સ્ટારડમ

## બોલિવુડ અભિનેતા સલમાન ખાને ક્યારેય હાર ન માની અને તે પછી સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યા

મુંબઈ, તા.૫

બોલિવૂડમાં લોકો મોટાભાગે અમિતાભ બચ્ચનને પોતાનો આઈડલ માને છે. આજના કલાકારો જો કોઈ પાસેથી કંઈક શીખવા માંગતા હોય તો તે છે અમિતાભ બચ્ચન. બાળકો અને વડીલોમાં અમિતાભ બચ્ચનની લોકપ્રિયતા એટલી જ છે જેટલી ૪૦ વર્ષ પહેલા હતી. પરંતુ આજે અમે એક એવા કલાકાર વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જેણે બોલિવૂડને ન માત્ર ઘણી સુપરહિટ ફિલ્મો આપી પરંતુ તેને બોલિવૂડમાં સ્ટાઈલ સિમ્બોલ પણ માનવામાં આવતું હતું. એક સમય એવો હતો જ્યારે તેમની એક-બે નહીં પરંતુ ૧૦ ફિલ્મો એક પછી એક સુપર ફ્લોપ સાબિત થઈ, પરંતુ આ કલાકારે ક્યારેય હાર ન માની અને તે પછી સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યા. ચાલો આજે અમે તમને આ સ્ટારના જીવનના સૌથી ખરાબ કિસ્સો જણાવવા જઈ રહ્યા છે. વર્ષ ૧૯૮૮માં આવેલી ફિલ્મ 'બીવી હો તો ઐસી'માં સાઈડ રોલથી પોતાના કરિયરની શરૂઆત કરનાર આ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન છે. સલમાન ખાનનો સૌથી ખરાબ તબક્કો ૧૯૯૧થી ૧૯૯૪ વચ્ચે આવ્યો હતો. તેની છેલ્લી હિટ ફિલ્મ વર્ષ ૧૯૯૧માં આવી હતી જેનું નામ 'લવ' હતું અને ત્યાર બાદ વર્ષ ૧૯૯૪માં ફિલ્મ 'હમ હૈ આપકે હૈ કૌન' આવી હતી. આ બંને ફિલ્મો વચ્ચે સલમાન ખાનની રિલીઝ થયેલી તમામ ફિલ્મો એક પછી એક ફ્લોપ રહી હતી. તેની સંખ્યા એક-બે નહીં પરંતુ ૧૦ હતી. ચાલો હવે તમને આ ફ્લોપ ફિલ્મો વિશે પણ જણાવીએ. જો કે સલમાન ખાન તેને તેના જીવનનો ખરાબ તબક્કો કહેવા માંગે છે, પરંતુ તેની સુપર ફ્લોપ ફિલ્મોના નામ નીચે મુજબ છે. 'સૂર્યવંશી', 'જાગૃતિ', 'નિશ્ચય', 'એક લડકા એક લડકી', 'દિલ તેરા આશિક', 'ચંદ્રમુખી', 'ચાંદ કા ટુકડા', 'અંદાઝ અપના અપના' અને 'સંગદિલ સનમ' આ તે ફિલ્મોના નામ છે જે કદાચ કોઈને યાદ પણ નહીં હોય. જો કે આટલું બધું થયા પછી પણ સલમાન ખાનની ધીરજ ક્યારેય તૂટતી નથી. વર્ષ ૧૯૯૪માં રાકેશ બડજાત્યાની ફિલ્મ 'હમ આપકે હૈ કૌન'માં સલમાન ખાનના પ્રેમના પાત્રે બોલિવૂડમાં ધૂમ મચાવી હતી. ફિલ્મના ગીતો અને તેની વાર્તા બધાને પસંદ આવી અને ફિલ્મે ૭૨ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. અહીંથી જ સલમાન ખાનના કિસ્મતનો સિતારો ચમક્યો અને આ પછી તેણે 'કરણ અર્જુન', 'હમ સાથ સાથ હૈ', 'દબંગ', 'રેડી', 'એક થા ટાઈગર' અને 'દબંગ ૨' જેવી ઘણી સુપરહિટ ફિલ્મો આપી. છેલ્લા ૩૫ વર્ષમાં બોલિવૂડને ઘણી ફિલ્મો આપનાર સલમાન ખાન આજેપણ યુથ આઈકોન ગણાય છે.

### રીંગણાનાં ઓળાની મોસમમાં નવી ઉપાધિ

# સા.કુંડલા : ડુંગળી બાદ લસણનાં ભાવમાં પણ વધારો થતાં ગૃહિણીઓ પરેશાન

## સંગ્રહખોરો અને નફાખોરોની ચેનલ તોડવી જરૂરી

સાવરકુંડલા, તા. ૫

આમ ગણીએ તો ખાસ કરીને કાઠિયાવાડી ભોજનને સ્વાદિષ્ટ અને મસાલેદાર બનાવવામાં લસણની ખૂબ મહવપૂર્ણ ભૂમિકા હોય છે. અને એમાં પણ આ તો શિયાળાની ઋતું એટલે જેમ જેમ ઠંડી વધે તેમ તેમ રીંગણાનો ઓળો અને ઉંધીયાનો ભોજનમાં બહોળ ા પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે. અરે ભરેલાં રીંગણામાં પણ લસણનો પ્રચુર માત્રામાં ઉપયોગ થતો હોય છે સાથે સાથે લસણની સ્વાદિષ્ટ ચટણીનો પણ આ શિયાળામાં વધુ ઉપયોગ કરવામાં આવે છે.



એવી વેળાએ લસણના ભાવમાં તોતિંગ ઉછાળો આવતાં ગૃહિણીઓ પણ પરેશાન જોવા મળે છે.વળી લસણની કળીઓને ઘીમાં સાંતળીને તેનો ઉપયોગ કરવાથી હૃદય માટે સ્વાસ્થ્યવર્ધક ગણાય છે. શિયાળ ાની ઋતુમાં ચોમેર લીલા શાકભાજીનું ઉંધીયુ તેમજ કાઠીયાવાડી જમણ ઓળ ા રોટલાની સીઝન પુરબહારમાં જામે ત્યારે લસણની માંગમાં પણ પ્રચુર માત્રામાં વધારો થતો જોવા મળે છે. સાવરકુંડલા શહેરની શાકમાર્કેટમાં હાલ લસણ રૂા. ૩૫૦ થી ૪૦૦ ના કિલો બોલાય રહ્યાં છે. ગત વર્ષે ગોંડલ, સહિતના સ્થળોએ લસણનું વાવેતર પ્રમાણમાં ઓછુ થયું હતું. તેથી ગત પહેલા નોરતાથી જ લસણનો સ્ટોક ઘટી રહ્યો છે. હવે આગામી તા.૧૫ ફેબ્રુઆરી બાદ જ નવુ લસણ બજારમાં આવશે તેથી ત્યાં સુધી લસણના ભાવ ઘટવાની જરાપણ શકયતા નથી તેમ જણાવી લસણના વિક્રેતાએ જણાવી વધુમાં ઉમેર્યુ હતુ કે, હવે સંગ્રહાયેલ લસણનો જથ્થો ઘટશે તો હાલના લસણના ભાવમાં હજુ પણ વધારો થાય તેવી આશંકા સેવાઈ રહી છે. કદાચ પાંચસો સુધી ભાવ પહોંચી જાય તો નવાઈ નહી. દર વર્ષે શિયાળામાં ઓળા રોટલાની સીઝન તેમજ લીલાછમ્મ શાકભાજીની આવક વધતા ઉંધીયાનો વપરાશ વધે છે એટલુ જ નહિ પરંતુ લગ્નસરાની સીઝન જામતા લસણ અને ડુંગળીનો વપરાશ વધે છે. એટલે આ ડિસેમ્બર મહિનામાં પણ લોકોએ લસણના ઉંચા ભાવ ચૂકવવા તૈયાર રહેવુ પડશે ત્યારબાદ ગોંડલ ઉપરાંત અન્ય રાજયોમાંથી નવી આવક ઉત્તરોત્તર વધતા લસણના ભાવમાં ક્રમશઃ ઘટાડો થવાની સંભાવના રહે છે.

### આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

# પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા સહાયનો લાભ

અમરેલી તા. ૫

પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે સહાયનો લાભ મળી શકે છે. આ માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહે છે. આ યોજના અંતર્ગત ખેડૂતો જૂથમાં ઓછામાં ઓછા ૨ હેકટર વિસ્તાર માટે નવી તારની વાડ બનાવવા, રનિંગમીટર દીઠ રૂા.૨૦૦ અથવા ખરેખર થનાર ખર્ચા ૫૦ ટકા બેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવે છે. આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે. ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ પર તા.૮ ડિસેમ્બર,૨૦૨૩ને શુક્રવારથી દિન-૩૦ સુધી અરજી કરી શકે છે. કલસ્ટર માટે ખેડૂતો દ્વારા ગ્રૂપ લીડર નક્કી કરવાના રહેશે. ખેડૂત જૂથ દ્વારા અરજી કર્યા બાદ દિન-૧૦માં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે સાધનિક પુરાવા સાથે અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી, ખેતીવાડી શાખા, બીજો માળ, જિલ્લા પંચાયત ભવન, જિલ્લા પંચાયત રોડ, અમરેલી પિન નંબર ૩૬૫૬૦૧ને રજૂ કરવાના રહેશે. વધુ માહિતી માટે ખેતીવાડી શાખાના ફોન નંબર (૦૨૭૯૨) ૨૨૩૩૨૪ ઈ-મેઈલ આઈ-ડી daoamreli@gmail.com dao2gujarat.gov.in પર સંપર્ક કરવો. સ્થળ ચકાચણી બાદ પૂર્વ મંજૂરી આપવામાં આવશે. ખેડૂતોએ ઓનલાઈન અરજીની સહી વાળી નકલ તથા સંયુકત ખાતેદારના કિસ્સામાં બાંહેધરી પત્રક, ૭/૧૨, ૮-અ, અથવા વન અધિકાર પત્ર, બેન્ક પાસબુક નકલ/રદ કરેલ ચેક, આધારકાર્ડ, કબૂલાતનામુ અને સ્વઘોષણાપત્રક, ડીમાર્કશન વાળા નકશા સહિતના પુરાવાઓ આપવાના રહેશે. પૂર્વ મંજૂરી મેળવી હોય તેવા ખેડૂત અથવા ખેડૂત જૂથ લીડરે નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સીંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી દિન-૧૨૦માં પૂર્ણ કરી તે માટેના સામાન ખરીદીના જી.એસ.ટી વાળા બીલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિતના કલેમ જમા કરાવવા. ત્યારબાદ કામીગીરી પૂર્ણ થયાની સ્થળ ચકાસણી કર્યા પછી સહાયની રકમ બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવશે. જે જમીન ઉપર ખેતી થતી હોય તેવી જમીન પર ફેન્સીંગ કરાવાની સહાય મળવાપાત્ર છે, જેની તમામ ખેડૂતોએ કાળજી લેવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવ્યા બાદ

# અમરેલી જિલ્લા પંચાયતનાં નાયબ ચીટનીશ વયમર્યાદાથી નિવૃત્ત થયા

## જિલ્લા વિકાસ અધિકારીએ મોમેન્ટો અર્પણ કર્યો

અમરેલી, તા. ૫

અમરેલી જીલ્લાપંચાયત કચેરી સિંચાઈ શાખાનાં નાયબ ચીટનીશ વી.એ. જાદવ તા. ૩૦/૧૧/૨૩નાં રોજ વયમર્યાનાં કારણે નિવૃત થતાં જીલ્લા વિકાસ અધિકારી ગુરવ દિનેશ રમેશનાં વરદ હસ્તે તેઓને સન્માન મોમેન્ટો આપી નિવૃત્તિ વિદાય આપેલ તેમજ તેઓનાં હસ્તે નિવૃત્તિ બાદ કર્મચારીને મળવાપાત્ર રોકડ રૂપાંતર પેન્શન વગેરે પૈકીની રકમ તરીકે રજા રોકડ રૂપાંતરની રકમ રૂા. ૮,૩૨,૧૨૦/-નો ચેક સ્થળ પર જ ઈસ્યુકરી પહેલ કરેલ. સિંચાઈ શાખામાં તાજેતરમાં બાંધકામ શાખામાં બદલી થયેલ જુનિયર કલાર્ક વી.આર. ડાંગર તથા સીનીયર કલાર્ક આર.પી. દવેને વિદાય આપેલ. તેમજ પંચાયત સિંચાઈ શાખામાં સરકાર તરફથી તાજેતરમાં નવી નિમણુક થી હાજર થતાં જુનિયર કલાર્ક (૧) બી.એન. સારીખડા (૨) એચ.ડી. સોલંકી (૩) એસ.એસ. કથીરિયા (૪) એ.ડી. જાંબુચા તેમજ (૫) કુ.એ.સી. રાઠોડની નિમણુંક થતાં તેઓને આવકારવામાં આવ્યાં.

આ સમારંભમાં જીલ્લા વિકાસ અધિકારી તથા કાર્યપાલક ઈજનેર સિંચાઈ, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ તથાપંચાયતનાં સર્વે વર્ગ-૩ તથા



૪નાં કર્મચારીઓએ સાલ, શ્રીફળ, પડો તથા મોમેન્ટો વિવિધ ઉપહારો આપી વિદાય આપેલ છે. ઉકત કાર્યક્રમને સફળ ચૌધરીભાઈ, લેઉવાભાઈ તેમજ સમગ્ર સિંચાઈ સ્ટાફે બનાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલા-અમરેલી વચ્ચે**

છે કે, અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવે રોડ પહોળો કરવા માટેની ઘણા સમયથી ગતિવિધિઓ ચાલી રહેલ છે. જેમાં સાવરકુંડલા તાલુકાના ઓળિયા ગામે આ રોડ પહોળો કરવા બાબતે ખેડૂતોને તેમની જમીનોનું સંપાદન કરવા બાબતે તંત્ર ધ્વારા નોટીસો પાઠવેલ છે. જેમાં હાલનો નેશનલ હાઈવે રોડ પહોળ ો કરવામાં આવે તો ખેડૂતોએ રોડ પહોળ ો થાય તેમાં સહમતી પણ દર્શાવેલ હતી અને આ રોડ મુળ જગ્યાએ પહોળો થાય તેમાં ખેડૂતોની જમીન કપાતમાં જાય તેમાં આજે પણ ખેડૂતો સહમત છીએ. પરંતુ હાલ અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવે રોડ પરના ઓળિયા ગામમાં બાયપાસ કાઢવા માટે એલાઈમેન્ટ ચેન્જીંગ (મુળ તત્વમાં ફેરફાર) કરવામાં આવેલ છે જેમાં ઓળિયા ગામના ખેડૂતોની ફળદ્રુપ જમીનના ટુકડાઓ અને ભાગલા પડતા દર્શાવેલ છે. જેથી ખેડૂતોની જમીન સંપૂર્ણ નષ્ટ થાય તેમ છે અને ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થાય તેમ છે. ખેડૂતોની આજીવિકા અને ઘરનું નિર્વાહ ખેતી પર હોય તો ઓળિયા ગામના ખેડૂતો ધ્વારા હાલના એલાઈમેન્ટ ચેન્જીંગ બાયપાસ રોડ બાબતે સખ્ત વિરોધ અને વાંધો દર્શાવે છે. તેમ છતાં જો આ એલાઈમેન્ટ ચેન્જીંગ મુજબ આ બાયપાસ કરવામાં આવશે તો ઓળિયા ગામના ખેડૂતો ધ્વારા ઉગ્ર અલગ અલગ આંદોલન કરવાની ફરજ પડશે આ અંગે કંઈપણ નુકસાન થશે તો તેમની તમામ જવાબદારી સંપૂર્ણપણે તંત્રની રહેશે.

આ બાબતે યોગ્ય ઘટિત કાર્યવાહી કરવા તેમજ હાલનો ઓળિયા ગામે હાઈવે રોડ આવેલો છે ત્યાં જ રોડ પહોળો કરવામાં આવે અને ઓળિયા ગામના ખેડૂતોના ખેતરોમાંથી બાયપાસ એલાઈમેન્ટ ચેન્જીંગ મુજબ કાઢવામાં ન આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીનાં ગઢીયા ગામે**

ચાલીસ લાખ જેવો મુદ્દામાલ અમરેલી ખાણ ખનીજ વિભાગે કબ્જે કર્યો હતો. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં છાશવારે ખનીજચોરી થતી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠતી હોય અને સ્થાનિક સમાચારપત્રોમાં અહેવાલો પણ પ્રસિધ્ધ થતાં હોય, ત્યારે આજે ધારી તાલુકાના ગઢીયા ગામે વ્યાપક પ્રમાણમાં ચોરી થતી હોવાની બાતમી ખાણ ખનીજ વિભાગને મળતા ખનીજ વિભાગનાં ભાવેશ સાધુ સહિતના અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો અને માટી ભરેલા ૪ ડપ્પર અને એક ટ્રેક્ટર મળી અંદાજીત ચાલીસ લાખ જેવો મુદ્દામાલ અમરેલી ખાણ ખનીજ વિભાગે કબ્જે કર્યો હતો.

### ૦૭ થી ૧૮ વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે

# અમરેલી સ્થિત બાળ સંભાળ ગૃહ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

## ખોરાક, આરોગ્ય, શિક્ષણ સહિતની જરૂરી સગવડ વિનામૂલ્યે

અમરેલી, તા. ૫

અમરેલી સ્થિત બાળ સંભાળ ગૃહ સંસ્થા એ ધી જુવેનાઈલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ-૨૦૧૫ની કલમ-૫૦ હેઠળ રજિસ્ટર થયેલ સરકારી સંસ્થા છે. કાળજી અને રક્ષણની જરૂરિયાત ધરાવતા હોય તેવા ૦૭ થી ૧૮ વર્ષની ઉંમર સુધીના છોકરાઓને આશ્રય આપવામાં આવે છે. અનાથ, નિરાધાર અને આશ્રય રહિત કે એક વાલી ધરાવતા હોય, માતા-પિતાની ગંભીર માંદગીના કારણે બાળકોની સંભાળ લેવા કોઈ સક્ષમ ન હોય તેવા માતા પિતાના બાળકો અને કુદરતી કે કૃત્રિમ આપત્તિઓનો ભોગ બનેલ બાળકો, શેરી, સ્લમ વિસ્તાર વગેરેમાં રહેતા બાળકો(માત્ર પુઢષ)ને પ્રવેશ આપવામાં આવશે. મહત્વનું છે કે, પ્રવેશ આપવામાં આવ્યો હોય તેવા બાળકોને આશ્રય, ખોરાક, આરોગ્ય, શિક્ષણ સહિતની જરૂરી સગવડ સરકાર દ્વારા સંસ્થા ખાતે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. બાળ સંભાળ ગૃહમાં પ્રવેશ મેળવનાર તમામ બાળકોના સર્વાંગી વિકાસ તેમ જ સર્વશ્રેષ્ઠ હિતની કામગીરી અમરેલી જિલ્લા બાળ કલ્યાણ સમિતિની દેખરેખમાં કરવામાં આવે છે. પ્રવેશ માટેનો અંતિમ નિર્ણય અમરેલી જિલ્લા બાળ કલ્યાણ સમિતિ દ્વારા લેવામાં આવશે તથા અમરેલી જિલ્લાના બાળકોને પ્રવેશ માટે અગ્રીમતા આપવામાં આવશે. પ્રવેશ મેળવવા માટે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સેવા સદન, એ-બ્લોક, બીજો માળ, રૂમ નંબર ૨૦૧, ૨૦૨, ૨૦૫ અમરેલી પિન નંબર ૩૬૫૬૦૧ ફોન નં.(૦૨૭૯૨) ૨૨૦૩૦૮,

ઈ-મેઈલ dcpu-gscps-amr@ gujarat. gov.in નો સંપર્ક કરવો. વધુમાં બાળ સંભાળ ગૃહમાં પ્રવેશ મેળવવા માટે ઈન્ચાર્જ અધિક્ષક, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૧૮૬ ઉપરાંત સરકારી બાળ સંભાળ ગૃહ, મુ. પ્રતાપપરા, નાના આંકડિયા રોડ, પિન નંબર ૩૬૫૬૦૧ જિ.અમરેલીનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **પ્રતિમાનું થયું પ્રસ્થાન**

જયંતી સુધીમાં ગુજરાત રાજયમાં ૫૦૦૦ સ્ટેચ્યુ અર્પણ કરવા લીધેલા સંકલ્પના ભાગરૂપે આજે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં વડીયા-કુંકાવાવ વિસ્તારના ગ્રામજનો અને સરપંચો દ્વારા સરદારના સ્ટેચ્યુનું પુજન કરી અને પુરા કદના સરદારના સ્ટેચ્યુ પોતપોતાના ગામમાં મુખ્ય ચોકમાં સ્થાપિત કરવા કામગીરી આગળ વધારી હતી.

સંકલ્પ બધ્ધ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા બિન રાજકીય અને રચનાત્મક કાર્યના ભાગરૂપે સરદાર પટેલના સ્ટેચ્યુ ગામેગામ અર્પિત કરવા માટે જાહેર કોલ આપતા ઉપસ્થિત આગેવાનો ભુપેન્દ્રભાઈ બસિયા, હિંમતભાઈ દેત્રોજા, રાજુભાઈ વિરોજા સહિત ગ્રામ્ય સરપંચો, આગેવાનો દ્વારા કાર્ય વધાવવામાં આવ્યું હતું.

ચમારડીના મુળ વતની અને સુરત ખાતે ઉદ્યોગજગતમાં અવ્વલ સ્થાન પામેલા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સમાજમાં અંધશ્રધા અને કુરિવાજોને તિલાંજલિ તેમજ સમૂહલગ્નો, ગૌશાળા સહિત ધાર્મિક અનુદાન આપી એક મુઠી ઊંચેરા માનવી તરીકે પોતાની નિષ્ઠા સ્થાપિત કરી છે.

ઉપસ્થિત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા સરદાર પટેલની ગરિમાપૂર્ણ કામગીરી અને દેશની આઝાદીમાં કરેલ કામગીરીને યાદ કરી શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવેલ હતા. જયારે ઉપસ્થિત આગેવાનો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલનીની કુનેહથી દેશના વિવિધ રજવાડાના વિલીકરણ અંગે વિશેષ ચર્ચા કરી હતી.

આગામી દિવસોમાં ગુજરાતના ૫૦૦૦ ગામોના વિવિધ જાહેર ચોક, જાહેર સ્થળોમાં સરદાર પટેલના સ્ટેચ્યુ અર્પિત કરવા તખ્તો તૈયાર થયાનું અને વિવિધ ગામોના આગેવાનો, સરપંચો સહિત ચમારડી ખાતે રાધે ફાર્મનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું હતું.

## જાહેર નોટિસ

આથી રસ ધરાવતા વેપારીઓને જણાવવાનું કે, અત્રેના અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે બીન વારસી કબ્જે કરવામાં આવેલ કુલ-૪૩ જેટલા વાહનોની હરરાજી એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, અમરેલીનાઓના હુકમ મુજબ આગામી તા.૦૯/૧૨/૨૦૨૩ ના ક.૧૦/૦૦ વાગ્યે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ હોય જેથી હરરાજીમાં રસ ધરાવતા વેપારીઓએ હરરાજીના સમય પહેલા રૂા. ૫૦૦૦/- રોકડા ડીપોઝીટ ભર્યાથી GST પ્રવર્ત ધરાવતા વેપારીઓ હરરાજીમાં ભાગ લઈ શકશે ઓફર સ્વીકારના વેપારીએ ઉપજેલ રકમ સાથે GST ની રકમ ચુકવી રસીક રજુ કરવાની રહેશે હરરાજી કરવાના વાહનો અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં જોઈ શકાશે વધુ વિગતો માટે કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના નંબર-૦૨૭૯૨ ૨૨૨૩૧૯૮ ઉપર સંપર્ક કરવો.

નોંધ : હરરાજી મંજુર કરવી કે, નહીં તેનો અબાધિત અધિકાર હરરાજી કરનાર સક્ષમ અધિકારીનો રહેશે.

તા. ૦૫/૧૨/૨૦૨૩

(પી.બી. લકકડ)
I/C પોલીસ ઇન્સ્પેક્ટર
અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન

## અવસાન નોંધ

**ગોંડલ :** ઔદિચ્ય સહસ્ત્ર સાડા ચારસો ઝાલાવાડી બ્રાહ્મણ અરવિંદભાઈ મણિશંકરભાઈ ત્રિવેદી. નિવૃત્ત આચાર્ય દેરડી કુંભાજી ઉમર વર્ષ ૭૬ તે ઉષાબેન ત્રિવેદીના પતિ તેમજ નિખિલભાઈ તથા પ્રણવભાઈનાં પિતાશ્રી અને આદ્ય અને ઊર્જાના દાદાશ્રીનું તારીખ ૫/૧૨/૨૦૨૩ મંગળવારના રોજ કૈલાસવાસ થયેલ છે. જેમનું બેસણું તારીખ ૭/૧૨/૨૩ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ્થાને કૈલાશ બાગ, દ્રષ્ટિ હોસ્પિટલની સામે, ગોંડલ રાખેલ છે. મો. ૯૦૯૯૫ ૨૮૨૯૨/૮૨૦૦૦ ૭૩૫૧૧.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ચિતલથી ટીંબા વચ્ચે**

દિતાભાઈ વાસ્કેલાના પિતા દિતાભાઈ ફાકરૂભાઈ વાસ્કેલા ગઈકાલે પોતાના હવાલા વાળા મોટર સાયકલ નંબર જીજે૨૩ એઈ-૫૯૩૯ ચલાવી ચિત્તલ લસણ લેવા ગયેલ અને ચિતલથી ટીંબા ગામે પરત આવતા હતાં ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પાછળથી મોટર સાયકલ સાથે ભટકાવી દેતા દિતાભાઈ ફાકરૂભાઈ વાસ્કેલાને શરીરે ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાયેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૮ | ૧૩૨૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૨ | ૧૪૯૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૬૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૬૫ |
| ૫ | તલ કાળા | ૩૧૨૦ | ૩૨૭૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૦૫૦ | ૪૦૫૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૧૬ |
| ૮ | જુવાર | ૫૩૯ | ૧૧૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૮ | ૬૨૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૯ | ૫૯૫ |
| ૧૧ | મગ | ૧૬૭૭ | ૧૯૪૦ |
| ૧૨ | અડદ | ૯૪૦ | ૧૮૬૯ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૨૨૯ |
| ૧૪ | કપાસ | ૯૮૦ | ૧૪૭૯ |
| ૧૫ | ધાણા | ૧૨૭૫ | ૧૫૬૦ |
| ૧૬ | અજમા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૭ | મેથી | ૧૧૧૦ | ૧૨૪૦ |
| ૧૮ | સોયાબીન | ૬૧૦ | ૯૩૩ |
| ૧૯ | મરચા લાંબા | ૧૩૦૦ | ૩૩૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૦ | ૧૪૪૫ |
| ૨ | મગફળી | ૯૦૧ | ૧૩૭૨ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૮૦ |
| ૪ | ચણા | ૧૦૧૫ | ૧૧૧૧ |
| ૫ | મગ | ૧૮૫૫ | ૧૮૫૫ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૭ | તલ | ૨૫૫૦ | ૨૫૫૦ |
| ૮ | બાજરો | ૩૧૫ | ૩૧૫ |
| ૯ | સોયાબીન | ૮૯૬ | ૮૯૬ |
| ૧૦ | એરંડા | ૯૬૬ | ૧૦૯૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૭૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૫૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૮૦ |
| ૫ | જીરૂ | ૬૦૦૦ | ૯૦૦૦ |
| ૬ | કપાસ | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | ધાણા | ૧૧૦૦ | ૧૪૭૧ |
| ૧૪ | સોયાબીન | ૮૪૦ | ૯૪૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૨૫૨ | ૧૩૨૮ |
| ૩ | તલ સફેદ | ૨૫૮૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૫૫૫ | ૩૧૭૫ |
| ૫ | ઘઉં | ૪૯૨ | ૫૪૮ |
| ૬ | ચણા | ૯૨૯ | ૧૧૫૧ |
| ૭ | સોયાબીન | ૮૯૮ | ૯૩૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૧૦૮૦ | ૧૧૫૪ |
| ૩ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૪ | સોયાબીન | ૮૯૯ | ૯૨૫ |
| ૫ | અડદ | – | ૧૮૦૦ |
| ૬ | મગફળી | ૧૧૯૭ | ૧૨૬૨ |
| ૭ | જુવાર | ૯૨૧ | ૧૦૫૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૪ | ૫૩૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૧ | ૫૪૫ |
| ૧૦ | લસણ | ૧૨૦૦ | ૨૫૧૦ |
| ૧૧ | ધાણા | ૧૩૮૨ | ૧૪૬૫ |
| ૧૨ | ગમ ગુવાર | ૯૬૧ | ૯૬૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૪૩ | ૧૨૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૨૪૪ |
| ૧૫ | તુવેર | ૧૨૬૫ | ૧૫૦૦ |
| ૧૬ | તલ કાળા | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૧૭ | ડુંગળી | ૫૦૦ | ૫૦૦ |
| ૧૮ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૭ | ૧૪૫૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૨૦ | ૭૨૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૩૭૫ |
| ૩ | જુવાર સફેદ | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૪ | ઘઉં | ૬૧૬ | ૬૧૬ |
| ૫ | બાજરો | ૨૫૫ | ૨૫૫ |
| ૬ | મગ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૯૦૧ |
| ૮ | તલ સફેદ | ૩૨૧૧ | ૩૨૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૪૪૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૪૫૧ |
| ૩ | તલ પીળા | ૩૧૦૧ | ૩૧૦૧ |
| ૪ | કપાસ | ૧૧૭૦ | ૧૪૬૫ |
| ૫ | બાજરો | ૪૨૬ | ૫૩૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૨૬ |
| ૭ | જુવાર | ૫૬૦ | ૧૩૦૧ |
| ૮ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૯ | મગ | ૨૦૫૧ | ૨૪૫૦ |
| ૧૦ | મઠ | ૧૨૦૦ | ૧૫૭૦ |
| ૧૧ | અડદ | ૧૮૦૦ | ૨૨૦૧ |
| ૧૨ | તુવેર | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૪ | સુવા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૯૧૫ |

### પ્રાંત અધિકારીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી તાલુકાનાં આરોગ્ય વિભાગમાં અધિકારીઓની બેઠક યોજાઈ

**પોલીયો વિરોધી રસીકરણ સહિતની ચર્ચાઓ કરાઈ**



અમરેલી, તા.૫

અમરેલી ખાતે પ્રાંત અધિકારી વી.એસ.દેસાઈ મામલતદાર શહેરી તથા ગ્રામ્ય, ચીફ ઓફિસર ટીડીઓ તથા અમરેલી તાલુકાનાં સી.હો./ સી.એચ.સી/ પ્રા.આ.કે./અર્બનનાં મેડીકલ ઓફીસર, પી.આઈ.યુ. અધિકારી શિક્ષણ અધિકારી આઈસીડીએસ અધિકારીની હાજરીમાં ડો. રાજીવકુમાર સિંહા, તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા તાલુકા ટ્રાસ્ક ફોર્સ કે તાલુકામાં તમામ કાર્યક્રમોમાં આગામી તા.૧૦/૧૨/૨૩ ને રવિવારનાં રોજ પોલીયો રાઉન્ડ હોય જેમાં ૦ થી ૫ વર્ષ તમામ બાળકોને પોલીયો વિરોધી રસી પીવડાવવામાં આવશે અને એક પણ બાળક આ રસીથી વંચીત ન રહે અને પુરતો સાથ અને સહકાર આપવા જણાવવામાં આવેલ.

ચાલુ વર્ષે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા તથા પાણી જન્ય રોગો જેવા કે ઝાડા, ઉલ્ટી તમામ રોગચાળ ાની ચર્ચા કરવામાં આવેલ હતી જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, તબીબી સહાય યોજના વીશે માહીતગાર કરવામાં આવેલ હતા માતા તથા બાળક વેકસીનેશન આપવામાં આવશે. અને વંચીત ન રહે અને તમામ સહયોગ આપે તેવી અપીલ કરવામાં આવેલ હાલમાં સરકાર દ્વારા પી.એમ.જે. એ.વાય. કાર્ડ કે જે લોકો વહેલી તકે નવા આવકનાં દાખલા કઢાવીને નવા પી.એમ.જે.એ.વાય. કાર્ડ ઘરનાં તમામ સભ્યો ના વહેલી તકે કઢાવી લેવા અને રીન્યુ આવતા હોય તે પણ તાત્કાલીક કઢાવી લેવા આરોગ્ય વિશે માહીતીગાર કરી અધિકારીનો આભાર માની મીટીંગ પુર્ણ કરવામાં આવેલ.

### અંજીર :શિયાળામાં એક અંજીર શરીર માટે ખૂબ જ ગુણકારી



**અંજીર :** શિયાળામાં એક અંજીર શરીર માટે ખૂબ જ ગુણકારીઋતુ બદલાતા, ખરાબ વાતાવરણ અને હવામાં ભેજ હોવાને કારણે ગળું ખરાબ થવું, શરદી-ખાંસીની અસર થાય છે ત્યારે અંજીર શિયાળામાં ખવાતુ સૌથી મનપસંદ અને ઉપયોગી ફળ છે. તાજા અંજીરમાં વિટામીન A સૌથી વધારે પ્રમાણમાં હોય છે. અંજીર એક સ્વાદિષ્ટ, સ્વાસ્થ્યવર્ધક અને ખૂબ જ ઉપયોગી ફળ છે.

વૈજ્ઞાનિકો અનુસાર અંજીરનાં ડ્રાયફ્રૂટમાં કાર્બોહાઈડ્રેટ ૬૩ ટકા, પ્રોટીન ૫.૫ ટકા, સેલ્યુલોઝ ૭.૩ ટકા, ખનિજ ક્ષાર ૩ ટકા, અમ્લ ૧.૨ ટકા અને પાણી ૨૦.૮ ટકા હોય છે. વિટામીન બી અને વિટામીન સી પણ હોય છે. અંજીર ખાવાથી ઘણા ફાયદાઓ થાય છે.

- મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરની બિમારીઓ વધી રહી છે. મહિલાઓમાં થતા બ્રેસ્ટ કેન્સર માટે તે ખૂબ જ લાભકારી છે. દરરોજ અંજીર ખાવાથી તેનું જોખમ ઘટી જાય છે.
- અંજીરમાં ફાઈબર હોય છે જે પાચનક્રિયામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યા દૂર કરવામાં અંજીર લાભદાયી છે. દરરોજ ત્રણ અંજીર ખાવાથી કબજિયાતની સમસ્યાથી છૂટકારો મળી શકે છે.
- ફેફસાંનાં રોગમાં પાંચ અંજીર એક ગ્લાસ પાણીમાં ઉકાળીને, ગાળીને સવાર-સાંજ પીવું જોઈએ.
- અંજીરના સેવનથી સુકી ખાંસીની સમસ્યા પણ દૂર થઈ જાય છે.

**મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### શુભયાત્રા-સ્વચ્છ યાત્રા અંતર્ગત

# વડિયાનાં એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયુ

**સ્થાનિક કક્ષાનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં**



વડિયા, તા. ૫

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા શુભ યાત્રા-સ્વચ્છ યાત્રા અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

ઉપસ્થિતિમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શુભ યાત્રા-સ્વચ્છ યાત્રા અભિયાન અંતર્ગત વડિયા એસ.ટી ડેપો સહિતના એસ.ટી. બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, આ અભિયાન અંતર્ગત ગાંધીનગર બસ સ્ટેશન ખાતેથી વાહન વ્યવહાર મંત્રીનાં વરદ હસ્તે આ કેમ્પેઈનનો લોગો, ઝીંગલ તથા ક્યુ આર કોડ થકી પેસેન્જર ફીડબેક સિસ્ટમનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતુ.

રાજયવ્યાપી સ્વચ્છતા ઝુંબેશની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનનું આયોજન લોકોમાં સ્વચ્છતા માટે જાગૃતિ આવે તે માટે કરવામાં આવ્યુ હતુ. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા હેશટેગ સાથે કેમ્પેઈનનો પ્રચાર-પ્રસાર વડિયા બસ સ્ટેશન તથા કંટ્રોલ પોઈન્ટના બસ સ્ટેશનો ખાતેથી કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા ભાજપ કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, એસ.ટી. વિભાગના બગસરા ડેપોનાં લકકડ, અધિકારી- કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં આ અભિયાન અંતર્ગત પ્રથમ, બીજું અને ત્રીજું અઠવાડિયું વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાશે, તેમ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગીય નિયામકની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વિશ્વ દિવ્યાંગ દિવસે કર્મયોગીની કહાની

# સા.કુંડલાનાં ૨ વિકલાંગ વ્યકિતઓ હસતા ચહેરા સાથે મહેનત કરી રહ્યાં છે

**કામ ન કરવા માટે અવનવા બહાના કાઢનારને પ્રેરણા લેવી જોઈએ**



સાવરકુંડલા, તા. ૫

વિશ્વ દિવ્યાંગ દિવસે સાવરકુંડલાના એ વ્યકિઓની યાદ તો અવશ્ય આવે.. ભરતભાઈ વાઢેર અને જોનીભાઈ જે બંને પગે વિકલાંગ છે છતાં પોતે જાતમહેનત કરીને ખૂબ જ ખુમારીથી જીવન વ્યતિત કરે છે. સાવરકુંડલાના દેવળા ગેઈટ પાસે રહેતા ભરતભાઈબંને પગે વિકલાંગ છે છતાં આખો દિવસ મહેનત કરે છે અને મહેનતને જ પોતાનું જીવન સમજે છે અરજી લખવાથી માંડી કોમ્પ્યુટર સુધીનું કામ કરી ભરતભાઈ પોતાનું ગુજરાન ચલાવે છે. જીવનના અનેક કડવા પ્રસંગોનો ખૂબ જ બહાદૂરીપૂર્ક સામનો કરી ખુદારી ભર્યુ જીવન વ્યતિત કરી રહ્યા છે. જયારે જોનીભાઈ પણ સ્કીન પ્રિન્ટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હાલ મહુવા રોડ પર તેમની દુકાન આવેલ છે. જો કે હાલના ડીઝીટલ યુગમાં આ વ્યવસાયમાં મંદીનો માહોલ છે. છતાં જોનીભાઈ એનો સામનો પણ હસ્તે મુખે કરતા જોવા મળે છે. સાવરકુંડલા શહેરની તલસ્પર્શી માહિતી જોતી હોય તો જોનીભાઈ પાસેથી પ્રાપ્ત થાય. વળી સતત હસતાં ચહેરા સાથે દુનિયાભરની વાતોને હૈયામાં ધરબીને બેઠેલા આ વ્યક્તિને પણ એક વખત તો અવશ્ય મળવા જેવું ખરું. પોતાના આંગણે આવેલ કોઈ પણ મુલાકાતીને ચા-પાણી પણ ખૂબ જ પ્રેમભાવથી પીવડાવતાં જોનીભાઈ એટલે આમ ગણીએ તો ગુલાબી સ્વભાવના મળ વા જોવા ઈન્સાન ખરાં. પગ કામ નથી કરતાં તેથી શું થયું? ઈશ્વરે હાથ અને મગજ તેજ આપ્યા છે જેની મદદથી જીવન નૈયાને બહાદુરી પૂર્વક આ સંસાર સાગર પાર કરતા જોવા મળે છે આવા મહાનુભાવોની જીવનશૈલી જોઈને એક પંકિત યાદ આવે કે હૈયે હામ હોય તો અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી આજે વિશ્વ વિકલાંગ દિવસે બંને પગ સંપૂર્ણ રીતે કામ કરતા ન હોવા છતાં મહેનતને શુભકામના.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ છેવાડાનાં લાભાર્થી સુધી પહોંચ્યો

# જિલ્લામાં તા. ૨૪ નવે. થી ૪ ડિસે. સુધીમાં કુલ ૧૨૧૩ આયુષ્યમાન કાર્ડનું સ્થળ પર વિતરણ

**સમાનતા અને સશકિતકરણનું પ્રતિક એટલે આયુષ્યમાન કાર્ડ**

અમરેલી, તા. ૫

ભારતના નાગરિકોને આરોગ્ય સુરક્ષા મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં આરોગ્ય કવચની જાહેરાત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત લાભાર્થીઓને આરોગ્ય સુરક્ષા કવર સ્વરૂપ આયુષ્માન કાર્ડ આપવામાં આવે છે. શરૂઆતમાં આ આયુષ્માન કાર્ડની મદદથી લાભાર્થીને રૂા.૫ લાખ સુધીની સારવારના ખર્ચ માટેનો લાભ મળી શકતો હતો. હવે આ યોજના અન્વયે આયુષ્માન કાર્ડ ધારક રૂા.૧૦ લાખ સુધીની મર્યાદામાં સારવાર ખર્ચનો લાભ મેળવી શકે છે.

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

યોજનાકીય સહાય- લાભાર્થી વંચિત હોય તેવા લાભાર્થીઓને આપણો સંકલ્પ- વિકસિત ભારત અંતર્ગત વિવિધ યોજનાકીય સહાયનો લાભ મળી રહે તે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા નું આયોજન કરવામાંઆવ્યું છે. લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળી રહે અને તેમના જીવનધોરણમાં હકારાત્મક પરિવર્તન આવે, તેમની આર્થિક અને સામાજિક ઉન્નતિ થાય તેવા હેતુ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ છે. તાજેતરમાં જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને સાવરકુંડલાના બાઢડા પ્રાથમિક શાળા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લામાં તા.૨૪ નવેમ્બર,૨૦૨૩ના રોજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી હતી. આ યાત્રા અન્વયે તા. ૪ ડિસેમ્બર,૨૦૨૩ સુધીમાં જિલ્લામાં ૧,૨૧૩ આયુષ્માન કાર્ડનું લાભાર્થીઓને સ્થળ પર વિતરણ કરવામાં આવ્યું હતુ.

જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન તા.૪ ડિસેમ્બર,૨૩ સુધીમાં નવા ૨,૨૩૮ આયુષ્માન કાર્ડ માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રા સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ જન-જન સુધી અને ઘર ઘર સુધી પહોંચાડવાનો ભારત સરકારનો ભગીરથ પ્રયાસ છે. આ યાત્રા આજે દેશમાં જન-જનને જોડી રહી છે. ભારત સરકારના નાગરિકલક્ષી અભિગમ થકી નાગરીકોની સુવિધામાં ઉમેરો કરતું વધુ એક ડગલું ભરવામાં આવ્યું છે, જેમાં લાભાર્થીઓને સીધી જ યોજનાકીય સહાય મળી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ માત્ર પરિભ્રમણ નથી કરી રહ્યો પરંતુ આ રથ સરકારની ગરીબ, વંચિત પ્રત્યેની સંવેદનાઓ પણ નાગરિકો વચ્ચે જઈને વહેંચી રહ્યો છે. સમગ્ર દેશમાં અને ગુજરાત રાજયમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે અનેક લાભાર્થીઓને લાભ મળ્યો છે. આ તમામ લાભાર્થીઓ સરકારનો આભાર વ્યકત કરી રહ્યા છે. આરોગ્યલક્ષી સુવિધાઓ માટે આયુષ્માન કાર્ડ એ દિવ્ય વરદાન બન્યું છે.

સંવેદનશીલ કેન્દ્ર અને ગુજરાત રાજય સરકાર દ્વારા ગુજરાતના પ્રત્યેક નાગરિકને તમામ પ્રકારની આરોગ્ય વિષયક સારવાર ઉપલબ્ધ થાય તેવી રીતે કલ્યાણકારી યોજનાઓ ઘડીને તેનું સુદ્રઢ અમલીકરણ થઈ રહ્યું છે.


ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આજે સરકારી દવાખાના થકી લોકો આરોગ્ય વિષયક સેવાઓ સરળતાથી મેળવી રહ્યાં છે. આરોગ્ય સુવિધાના સુદ્રઢીકરણ માટે મક્કમ રાજય સરકારે આરોગ્યલક્ષી સુવિધાઓમાં ઉમેરો કર્યો છે.

આ સુવિધાઓને પગલે ગુજરાતમાં આરોગ્યલક્ષી સુવિધા-સેવા સભર અદ્ભૂત શૃંખલા સર્જાઈ છે. મહત્વનું છે કે, જનકલ્યાણના અભિગમને પ્રયાને લઈ છેવાડાના નાગરિકને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આોરગ્ય વિષયક સહાય રૂા. ૦૫ લાખથી વધારીને રૂા.૧૦ લાખ કરવામાં આવી છે. આયુષ્માન કાર્ડ એ એવી સુવિધા છે કે તે ગરીબ અને વંચિત પરિવારને આરોગ્ય કવચ માટેની ખાતરી આપે છે. આરોગ્યલક્ષી આપત્તિઓ અને તેની અસરો સામે રક્ષણ આપતું દિવ્ય વરદાન એટલે આયુષમાન ભારત.

### દુનિયાભરમાં ૩ ડિસે.થી ૨૦ ડિસેમ્બર સુધી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

# વર્ષ ૨૦૨૩નો આખરી જેમીનીડસ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળી રહ્યો છે

**તા. ૧૩,૧૪ અને ૧૫મી એ રાજયના લોકો અદ્ભૂત જોઈ શકશે**



અમદાવાદ, તા.૫

દુનિયાભરના લોકોએ ઓકટોબર - નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્ભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૩ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો આજથી તા. ૨૦ મી ડિસેમ્બર સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયના લોકો તા. ૧૩, ૧૪ અને ૧૫ એમ ત્રણ દિવસઆકાશમાં ઉલ્કાવર્ષાઆહલાદક જોઈ શકશે.રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

'જાથા' ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા.૪ મીથી૨૦ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્ભૂત જોવામળછે. દેશ- વિદેશ માં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ)ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીત સરવરસાદ જોવા મળે છે. તા.૪થી ક્રમશઃઉલ્કા વર્ષા પડતી જોવા મળશે.તા. ૧૩ મી થી ત્રણ દિવસ દક્ષિણગોળાર્ધમાંથી મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી સુધી ખૂબ જ સારી રીતેજેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળ વાની છે. જો કે તા.૧૩, ૧૪ અને ૧૫ ના મધ્યરાત્રિથી સવારસુધી સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજયના લોકો તા. ૧૩ થી ૧૫ ના રોજ મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે.વધુમાં પંડયા જણાવે છે કે જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા . ૧૩,૧૪ અને ૧૫ ત્રણ દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે.નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢ નો સમય શ્રેષ્ઠછે.મોટેભાગે મધ્યરાત્રિબાદથી વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉતર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે-રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા. ૧૩, ૧૪ અને ૧૫ ત્રણ દિવસ ઉલ્કા જોવાનું ચુકશો નહિ. ખગોળ પ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય - ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળ ીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો આકાશમાં જોવા મળશે.વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસર વરસાદની જેમ પડશે. શરૂઆતમાં રાત્રે દર કલાકે ૫ થી ૧૦ કરતા વધીને ૫૦ થી ૧૨૦ ઉલ્કા ખરતી જોવા મળશે. તેની ઝડપ પ્રતિ સેકન્ડ ૭૦ કિ.મી. ઝડપે વધીને ૧૩૦ કિ.મી. ઝડપે પડશે. મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢે સ્પષ્ટ જોઈ શકાશે.

જેમિનિડસ ખૂબ ચળકાટ ધરાવવાની સાથે ઝડપથી ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. ઉલ્કાવર્ષા પીળા, લીલા અને વાદળી એમ વિવિધ કલરોમાં જોઈ શકાય છે. જેમિનિડસ ખરતા તારાનું નિર્માણ ૩,૨૦૦ ફાયેથોન તરીકે ઓળખાતા નાના ગ્રહોના ટુકડામાંથી થયું હોય છે. સદીઓ વીતતાં આ નાના ગ્રહો ઉપગ્રહોમાં ફેરવાઈ જાય છે. આ નજારો જોવા મળે તો જીંદગીનો રોમાંચક અનુભવ ગણાશે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારેપૃથ્વીના વાતાવરણ માં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળ ખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓપૃથ્વીના વાતાવરણ માં પ્રવેશે છે. પૃથ્વીઉપર દિવસ- સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટેલોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. જેમીનીડસ ઉલ્કાવર્ષાદુનિયાના અમુકભાગોમાં રીતસરનો વરસાદપડશે. જાથા ઉલ્કાવર્ષા ની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળ માં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનુંસતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગેપૃથ્વીના વાતાવરણ માં પ્રવેશે છે.જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવામાટે રાજય ભર માં આયોજન ગોઠવ્યું છે તેમાંરાજકોટ, અમરેલી, બોટાદ,દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ,વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગ ર,ગાંધીધામ,માંડવી, અંજાર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરેનાના- મોટા નગરોમાં ત્રણ દિવસીય મધ્યરાત્રિ - પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી જેમીનીડસ ઉલ્કાવર્ષાનો નજારોનિહાળવાની તૈયારીમાં જાથાના દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ,કાર્તિકભટ્ટ, અશ્વિન કુગશીયા, નિર્મળ મેત્રા, વિક્રમ કુગશીયા, ભોજાભાઈ ટોયટા, આકાશ પંડયા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, હર્ષાબેન વકીલ, ભક્તિ બેન રાજગોર, ભાનુબેન ગોહિલ, વિગેરે અનેક સદસ્યો જોડાયા છે.

વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### અમરેલીનાં નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત આયુર્વેદ કોલેજ ખાતે

# કામકાજનાં સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી નિવારણ અર્થે સેમિનાર યોજાયો

**વિશાખા ગાઈડલાઈન અંગે માહિતી આપવામાં આવી**

અમરેલી, તા. ૫

કામકાજના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી (અટકાયત પ્રતિબંધ નિવારણ) અધિનિમય-૨૦૧૩ અંગે માહિતી આપવાના હેતુથી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા સેમિનાર યોજવામાં આવ્યો હતો.

અમરેલી સ્થિત નેત્ર ચિકિત્સા, આયુર્વેદ કોલેજ ખાતે જિલ્લા ન્યાયાધિશ એમ.જે. પરાશરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સેમિનારમાં બી.એ.એમ.એસ. અભ્યાસક્રમની વિદ્યાર્થિનીઓને મહિલાઓને થતી જાતીય સતામણી (અટકાયત પ્રતિબંધ નિવારણ) અધિનિમય-૨૦૧૩ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે, કાયદો અને ન્યાયતંત્ર મહિલાઓની મદદ માટે છે. સેમિનારમાં અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા PoSH Act ની મહત્વની જોગવાઈઓ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. કાર્યસ્થળ પર જાતીય સતામણીને લગતી બાબતો સામે માર્ગદર્શન મળી રહે તે માટે 'વિશાખા ગાઈડલાઈન' અને તેની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. મહિલાલક્ષી કાયદાકીય જોગવાઈઓ વિશે એડવોકેટશ્રી નિકુબેન પંડયાએ માહિતી આપી હતી.

નીતાબેન ચૌહાણે મહિલા અને બાળ વિકાસ વિભાગની તમામ કલ્યાણકારી યોજનાઓ વિશે વિગતો આપી હતી. કાર્યક્રમમાં અમરેલી કોર્ટના રજિસ્ટ્રાર, આર.એમ. પાનસુરીયા, કોલેજના પ્રિન્સિપાલ ડા.પવન કુમાર, કર્મયોગીઓ તેમજ સંસ્થામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનિઓ અને શિક્ષકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા ૫ હજાર પ્રતિમાનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છે

# જય સરદાર : ચમારડીથી વડિયા વિસ્તાર માટે પ્રતિમાનું થયું પ્રસ્થાન

| | | | |
|---|---|---|---|
| નાયબ દંડક કૌશિક વેકરિયાએ પણ ઉપસ્થિત રહીને શુભકામના પાઠવી | આગામી ૨ વર્ષમાં સમગ્ર રાજયમાં ૫ હજાર પ્રતિમાનું જુદા-જુદા ગામો અને સ્થળોએ થશે સ્થાપન | વડિયા-કુંકાવાવ પંથકનાં ૨૪ ગામોમાં પ્રસ્થાપિત થવા માટે પ્રતિમાનું આજે થયું પ્રસ્થાન | જે ગામજનો સરદાર પટેલની પ્રતિમા સ્થાપન કરવા ઈચ્છતા હોય તેઓએ ચમારડી ખાતે સંપર્ક કરવા જણાવાયું |



ચમારડી, તા. ૫

બાબરા તાલુકા ના ચમારડી ગામે ભામાશા ગોપાલભાઈ પ્રાગજીભાઈ વસ્તરપરા દ્વારા પ્રથમ બાબરા અને લાઠી તાલુકા સહિતના ગામોમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મ જયંતી વખતે ૧૪૭ સ્ટેચ્યુ અનાવરણ કરાવવામાં આવ્યા હતા.

બાદ આગામી વર્ષ ૨૦૨૫ સુધીના સરદાર પટેલની ૧૫૦મી જન્મ

અનુસંધાન પાના ૬ ઉપર





**અમરેલી એકસપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે**

અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે. જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩
































*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)